ફેબ્રુઆરી ૨૦૧૯

# દાદાવાણી

કિંમત રૂ. ૧૫




''આત્મા અગોચર છે,
એટલે એના ગુણો થકી જ આત્માની ભજના થાય.''

વર્ષ : ૨૪, અંક : ૬
સળંગ અંક : ૨૮૨
**ફેબ્રુઆરી ૨૦૧૯**
કુલ ૩૨ પેજ (કવર પેજ સાથે)

**Editor : Dimple Mehta**
© 2019,
Dada Bhagwan Foundation.
All Rights Reserved

**Printed by &Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj
Dist-Gandhinagar - 382421

**Owned by &Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj
Dist-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અજાયબી આત્માના ગુણોની

### સંપાદકીય

જેમણે આત્મા સંપૂર્ણ અનુભવેલો છે અને જે બીજાને આત્માની અનુભૂતિ કરાવવા સમર્થ છે એવા જ્ઞાની પુરુષની કૃપા થકી આપણને કોટિ જન્મોની પુણ્યના ફળ સ્વરૂપે આત્મા સહજ રીતે પ્રાપ્ત થાય છે, પણ પ્રતીતિ રૂપે. હવે જેમ જેમ જાગૃતિ વધતી જશે, તેમ તેમ આત્મા એના ગુણધર્મ સહિત અનુભવમાં આવતો જશે.

કોઈ પણ વસ્તુને ઓળખવી હોય તો એના ગુણધર્મથી ઓળખાય. આત્મા તત્ત્વ છે, એને ઓળખવા એના ગુણધર્મ ઓળખવા પડે. અનંત ગુણોમાં મોટા મોટા ચાર ગુણો; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ, એ પરમેનન્ટ ગુણો છે.

મૂળ આત્મા પોતે જ જ્ઞાન છે, પ્રકાશ છે. પ્રકાશના આધારે બધું જ દેખાય છે, સમજણ પડે છે, જણાય છે. એટલે જોવા-જાણવાનો એનો સ્વભાવ. દૃષ્ટાએ દૃશ્યને જોયું એટલે દર્શન ઊભું થાય, જ્ઞાતાએ જ્ઞેયને જાણ્યું એટલે જ્ઞાન ઊભું થાય. નક્કી થયા પહેલા દર્શન, નક્કી થયા પછી જ્ઞાન.

પ્રસ્તુત સંકલનમાં દાદાશ્રીએ અનુભવેલા આત્માના ગુણધર્મોનું વર્ણન કરેલ છે. થિયરી સાથે પ્રેક્ટિકલી કેવી રીતે આ ગુણોનો ઉપયોગ કરવો, જેમ કે કોઈ પણ વસ્તુ મૂંઝવે ત્યારે 'હું અનંત જ્ઞાનવાળો' બોલતા જ જ્ઞાન હાજર થઈને તે ખબર આપે. અનંત દર્શન કોઈ વસ્તુ તમને અડચણ ના કરે ત્યારે સમજણ ઊભી થઈને નિકાલ કરી નાખે. અનંત શક્તિ ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ સમભાવથી ચિંતા કર્યા વગર નીકળી જાય. શરીરને દુઃખ પડતું હોય ને 'હું અનંત સુખનું ધામ છું' બોલવાથી સામસામે બેલેન્સ થઈને રાગે પડી જાય ને માનસિક ઉપાધિ વખતે બોલે તો મહીં સુખ વર્ત્યા કરે. જે સુખ બહાર ખોળવા ના જવું પડે એ પોતાનું અનંતુ સુખ. એનામાં આધ્યાત્મિક, વાસ્તવિક શક્તિ છે, ભૌતિક શક્તિ નથી પણ પ્રગટ થાય ત્યારે કામ લાગે.

જ્ઞાનપ્રાપ્તિ પછી મહાત્માઓને હવે પાંચ આજ્ઞા પાળવાથી જાગૃતિ વધે અને જાગૃતિથી પાંચ આજ્ઞા પાળી, શુદ્ધાત્મા સ્વરૂપ અનુભવાય. પછી શક્તિઓ પ્રગટ થતી જાય. પણ શુદ્ધ ઉપયોગમાં આવવા આત્મગુણોનું આરાધન હોવું ઘટે. સ્વગુણોને ઓળખીને ઉપયોગમાં લે તો અનુભવદશામાં પહોંચે. આત્માના વિવિધ ગુણોને ધીરે ધીરે અભ્યાસમાં લેવાથી એ અનુભવાશે. છેવટે મહાત્માઓ સહજ આત્મસ્વરૂપ દશામાં પહોંચી નિરંતર મુક્તિ, અખંડ સમાધિ દશા અનુભવે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ**

# અજાયબી આત્માના ગુણોની

## આત્માના મુખ્ય ગુણો

**પ્રશ્નકર્તા :** આત્માને ઓળખવાનું લક્ષણ શું ?

**દાદાશ્રી :** ઓળખવાનું તો અવિનાશી પદ છે એ, અનંત સુખધામ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ. સુખ બહાર ખોળવા ના જવું પડે પોતાનું. અને દુઃખ તો છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** આત્માને અનંત ગુણધામ કહ્યો તો એ ગુણો કયા કયા છે?

**દાદાશ્રી :** આત્માના મુખ્ય બે ગુણ : જ્ઞાન અને દર્શન. બીજા તો પાર વગરના ગુણો છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ ને અનંત સુખ, આ ચાર ગુણો મોટા-મોટા, જબરજસ્ત, પછી બીજા બધા નાના-નાના તો બહુ ગુણો જેવા કે અમૂર્ત, અગુરુ-લઘુ, અવ્યય, અચ્યુત, અરૂપી, અવ્યાબાધ સ્વરૂપ વિગેરે છે.

ઓહો ! એની અજાયબીનો પાર નથી ! નામ સંભારતા જ અંદર શાંતિ, શાંતિ, શાંતિ થાય.

## ગુણ પરમેનન્ટ, ધર્મ ટેમ્પરરી

**પ્રશ્નકર્તા :** આત્માના અનંત ગુણધર્મો છે, તો એ ગુણધર્મને ધર્મ કહેવાય કે ગુણ કહેવાય ?

**દાદાશ્રી :** ગુણો એ પરમેનન્ટ (કાયમી) છે અને ધર્મ ટેમ્પરરી (થોડા વખત માટે) છે.

'હું અનંત જ્ઞાનવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત દર્શનવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત શક્તિવાળો છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે. 'હું અનંત સુખધામ છું' એ એનો 'પરમેનન્ટ' ગુણ છે.

આત્માના ગુણ 'પરમેનન્ટ' છે અને એના ધર્મ વપરાઈ રહ્યા છે. જ્ઞાન 'પરમેનન્ટ' છે અને જોવું-જાણવું એ 'ટેમ્પરરી' છે. કારણ કે જેમ અવસ્થા બદલાય છે તેમ જોનારની અવસ્થા બદલાય છે. જેમ સિનેમામાં અવસ્થા બદલાય છે તેમ જોનારની અવસ્થા પણ બદલાય છે.

## જ્ઞેય અનંત, માટે જ્ઞાન અનંત

**પ્રશ્નકર્તા :** 'હું અનંત જ્ઞાનવાળો છું' એમ બોલીએ છીએ, એ સમજાવો.

**દાદાશ્રી :** 'હું' તો જ્ઞાનવાળો છે પણ અનંત જ્ઞાનવાળો છે, એટલે એની લિમિટ (સીમા) ના હોય. બહારની ચીજો અનંત છે. જાણવાની ચીજો, જ્ઞેય વસ્તુઓ અનંત છે, માટે 'હું' અનંત જ્ઞાનથી એ જ્ઞેયોને જાણનાર છું.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનનો અર્થ જાણપણું થાય ?

**દાદાશ્રી :** હા, જ્ઞાયકપણું. દેહ ઉપર માર પડે પણ પરમાનંદ ના જાય. તેને જાણ્યા જ કરે. (એનો) જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે. અનંત જ્ઞેય છે માટે અનંત જ્ઞાનવાળો છે.

**પ્રશ્નકર્તા :** આત્મા જ્ઞાયક હોય, એને જ્ઞેય અનેક પ્રકારના હોય કે નહીં?

**દાદાશ્રી :** જ્ઞાયક છે તે અનંત જ્ઞાનવાળો છે, એટલે જ્ઞેયો પણ અનંત હોય. જ્ઞાયક સ્વભાવ છે તે કેવો છે ? અનંત જ્ઞાનવાળો છે. શાથી અનંત જ્ઞાન ભાગ ? જ્ઞેયો પણ અનંત છે એટલે.

## જ્ઞાન એ ગુણ, જ્ઞેયોને જાણવા એ ધર્મ

**પ્રશ્નકર્તા :** જ્ઞેયોને જોવામાં-જાણવામાં જ્ઞાન-દર્શન એ ધર્મ કહેવાય કે ગુણ કહેવાય ?

**દાદાશ્રી :** જ્ઞાન એ ગુણ કહેવાય. જ્ઞાન-દર્શન-સુખ એ બધા ગુણ કહેવાય. કારણ કે 'હું

છું, એ કાયમનો છું' એવું કહેવા માગે છે. પછી એ જ્ઞાન અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં વપરાય ત્યારે એ ધર્મ કહેવાય, જ્ઞાનનો ધર્મ કહેવાય. જ્ઞાન એ તો ગુણ છે, કાયમનો ગુણ. એનો ધર્મ શું ? જ્ઞેયોને જાણવાનો.

## આત્મા જ્ઞાનવાળો નહીં, પોતે જ જ્ઞાન

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું કે 'હું' જ્ઞાનવાળો છે, તો સાથે સાથે મૂળ આત્મા તો જ્ઞાનવાળો જ છે ને ?

**દાદાશ્રી :** એ પોતે જ જ્ઞાન છે. પોતે જ્ઞાનવાળો નહીં, જ્ઞાન જ પોતે છે. જ્ઞાનવાળો એને કહીએ તો 'જ્ઞાન' અને 'વાળો' એ બે જુદું થયું કહેવાય. એટલે મૂળ આત્મા પોતે જ જ્ઞાન છે, એ પ્રકાશ જ છે પોતે. તે પ્રકાશના આધારે આ બધું જ દેખાય છે. એ પ્રકાશના આધારે આ બધું સમજણેય પડે છે અને જણાય છેય ખરું.

**પ્રશ્નકર્તા :** એટલે 'હું અનંત જ્ઞાનવાળો છું' એવું આપણે બોલીએ પણ કોઈ વસ્તુનું પઝેશન (માલિકીભાવ) મૂળ આત્મા કરતો નથી. એ પોતે જ્ઞાનસ્વરૂપ જ છે.

**દાદાશ્રી :** જ્ઞાનસ્વરૂપ જ છે, બીજું કશું નથી. એબ્સૉલ્યૂટ (સંપૂર્ણ) જ્ઞાન છે.

મૂળ આત્મા શુદ્ધ જ છે. શુદ્ધ જ્ઞાન સિવાય બીજી કોઈ વસ્તુ નથી. પણ શુદ્ધ જ્ઞાન કોને કહેવું ? કયા થર્મોમિટર ઉપર શુદ્ધ જ્ઞાન કહેવાય ? ત્યારે કહે, જે જ્ઞાનથી રાગ-દ્વેષ ને ભય ના થાય તે જ્ઞાન શુદ્ધ જ્ઞાન. અને શુદ્ધ જ્ઞાન, પરમ જ્યોતિસ્વરૂપ તે જ પરમાત્મા. પરમાત્મા કંઈ સ્થૂળ વસ્તુ નથી, જ્ઞાનસ્વરૂપ છે, એબ્સૉલ્યૂટ જ્ઞાન માત્ર છે. એબ્સૉલ્યૂટ એટલા જ માટે કે એમાં બીજી કોઈ વસ્તુ ભળેલી નથી અને ભળે તેમ છેય નહીં.

## જેમ પ્રદેશો ખુલે તેમ પ્રકાશે જ્ઞાન

આત્માના અનંત પ્રદેશો છે ને એક-એક પ્રદેશે અનંત અનંત જ્ઞાયક શક્તિ છે.

**પ્રશ્નકર્તા :** આત્મા અનંત પ્રદેશી છે એ કેટલા પ્રમાણથી છે, એ સમજાવો. એક-એક પ્રદેશે કેટલું જ્ઞાન હોય ?

**દાદાશ્રી :** આત્મા એક દ્રવ્ય છે, અનંત પ્રદેશીનો એક દ્રવ્ય છે. તે પ્રદેશે-પ્રદેશે, અનંત પ્રદેશોમાં એક-એક પ્રદેશમાં જ્ઞાનપ્રકાશ છે. દરેક પ્રદેશમાં જેટલા પ્રદેશના આવરણ ખુલ્યા એટલા પ્રદેશનું જ્ઞાન ખુલતું જાય. એટલે આ મનુષ્યોમાં કોઈને આ પ્રદેશ ખુલ્લો થઈ જાય, તો એ વકીલનું જ્ઞાન એને ખુલ્લું થઈ જાય. કોઈને આ પ્રદેશ ખુલ્લો થઈ જાય, તો ડૉક્ટરનું જ્ઞાન ખુલ્લું થઈ જાય. કોઈને આ પ્રદેશ ખુલ્લો થઈ જાય તો અમુક જ્ઞાન ખુલ્લું થઈ જાય. એટલે દરેકને જુદા જુદા પ્રદેશનું જ્ઞાન ખુલ્લું થાય. સર્વત્ર પ્રદેશી જ્ઞાન ખુલ્લું થાય, ત્યારે કેવળજ્ઞાન થાય.

આખી દુનિયામાં જેટલા જીવો છે એ બધા જીવોનું જ્ઞાન એક જ આત્મામાં છે. તે બધા જીવોનું જ્ઞાન એના આત્મામાં પ્રકાશ પામે ત્યારે એ કેવળજ્ઞાન થયું કહેવાય. કેવળજ્ઞાન થાય એટલે બધા આત્માનું જ્ઞાન એને પ્રકાશમાન થઈ જાય.

## અવસ્થા બદલાય, છતાં જ્ઞાન રહે શુદ્ધ જ

**પ્રશ્નકર્તા :** એ અનંત જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થા એટલે શું ?

**દાદાશ્રી :** આખું જગત જ્ઞેયોથી ભરેલું છે, અનંતા જ્ઞેયો છે. હવે એ જ્ઞેયોને જાણવામાં આત્માના જ્ઞાનની અનંતી અવસ્થાઓ ઉત્પન્ન થાય છે અને એ અવસ્થા ઉત્પન્ન થાય છે તોય પણ એ અવસ્થા 'એને' ચોંટતી નથી. ચોંટે નહીં, તો પછી શુદ્ધ રહે.

**પ્રશ્નકર્તા :** શું શુદ્ધ રહે ?

**દાદાશ્રી :** જ્ઞાન અવસ્થા 'એને' ચોંટતી નથી. હમણે કેરી જોઈ એટલે આપણું જ્ઞાન કેરીના આકારે થઈ જાય, આપણું જ્ઞાન જ્ઞેયાકાર થાય. કેરીના આકારે થઈ જાય, જેવડી હોય એવડું. ઉપર ડીંટું-બીંટું બધું એક્ઝેક્ટ (બરાબર) તે રૂપ થઈ જાય. પણ જ્ઞાન છૂટું ને કેરીયે છૂટી. એટલે જ્ઞેય છૂટું અને જ્ઞાતાયે છૂટો. પછી અહીંથી દ્રષ્ટિ આમ ફરી કે પેલું દર્શન બંધ થઈ જાય ને બીજા જ્ઞેયમાં જાય. એટલે ચોંટતું નથી. ચોંટતું નથી એ શુદ્ધ જ્ઞાન કહેવાય અને આ બુદ્ધિજન્ય જ્ઞાન ચોંટે. બુદ્ધિનું જ્ઞાન કેરી દેખે, પણ એ કેરી કેટલી દેખે ? જેમ આ લાઈટ હોય છે ને, એ લાઈટ બેઉ બાજુ દેખી શકે ? તમને આ બાજુની લાઈટ એ ફેંકે તો આ બાજુ દેખાય, પાછલું તો ના દેખાયને લાઈટનું ?

**પ્રશ્નકર્તા :** ન દેખાય.

**દાદાશ્રી :** એવું બુદ્ધિને પાછલું ના દેખાય અને આત્માનું તો ચોગરદમ બધે ફરી વળે, સ્વ-પર પ્રકાશક બધે ફરી વળે. એટલે આ બુદ્ધિ કેરીને જોતાની સાથે જ તે એક જ બાજુ જોઈ શકે અને પછી મહીં જીભમાં પાણી આવે. ત્યાં આગળ કેરી છે ને અહીં જીભમાં પાણી આવે. ઈફેક્ટિવ (અસરકારક) એટલું બધું. એ જુદું ના રહી શકે અને આ જુદું રહે.

પછી કેરી ના હોય ત્યારે પાછો આવતો રહું, મારું લાઈટ મારા ઘરમાં. કેરીને જોવા ગયું હોય તેથી મારું બગડતું નથી. કેરી ખાટી હોય તો હું કાંઈ ખાટો થતો નથી.

પાછું શું કહે છે ? કેરીના આકારનો થાઉં છું, એટલે જ્ઞેયોને જાણવામાં જ્ઞેયાકાર થઉં છું. જ્ઞેયાકાર થાઉં છું છતાં જ્ઞેય થતો નથી.

**પ્રશ્નકર્તા :** ટૂંકમાં હું કેરી થયો નથી.

**દાદાશ્રી :** આ લાઈટ કંઈ આમ અડે, તેથી કંઈ લાઈટ ચોંટી નથી જતું પેલાને. આ તો એના મનમાં એમ થાય છે કે મને જ ચોંટ્યું આ. કશુંય ચોંટ્યું નથી. જ્ઞેયને જ્ઞાન ચોંટે જ નહીં કોઈ દહાડોય, એનું નામ જ્ઞાન કહેવાય. આ બે વાક્ય સમજાય તો બહુ કલ્યાણ કરી નાખે.

હવે આ તો પાંચસો કેરીઓ પણ એવી અનંતી અવસ્થાઓમાં સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું. અને એવી જો શુદ્ધિ ના રહી, તેથી તો આ જગત ઊભું થઈ ગયું છે.

## ચોંટે જ્ઞેયમાં અશુદ્ધ ઉપયોગથી

બાકી જ્ઞેયો નડતા નથી.

**પ્રશ્નકર્તા :** એમ જ્ઞેય નથી નડતા પણ આપણને જ્ઞેયોમાં જે આસક્તિ થાય છે તે નડે છે ?

**દાદાશ્રી :** હા, બસ. એના ઉપર એને આકર્ષણ છે. એટલે આપણે રાગને શું કહીએ છીએ ? આસક્તિ.

જ્ઞાનની અવસ્થાઓ થાય તેય જ્ઞેયના આકારે, જ્ઞેયાકાર થાય. કેરી જેવો આકાર થઈ જાય, માણસ આવતો હોય તેનો આકાર થઈ જાય, બધાના આકાર થઈ જાય. છતાંયે એ ચોંટે નહીં, છૂટી જાય. જગતમાં અશુદ્ધ ઉપયોગ હોવાથી એમાં ચોંટી પડે.

તે જગત શું કહે છે કે આત્મા ચોંટ્યો. મૂઆ, નથી ચોંટ્યો. ચોંટે એ આત્મા ન્હોય અને આત્મા ચોંટે નહીં.

**પ્રશ્નકર્તા :** ચોંટે એ અહંકાર ?

**દાદાશ્રી :** અહંકાર. આપણે ચોખ્ખું જ કહ્યું છે ને !

અનંતા જ્ઞેયો, તે જ્ઞેય કેટલા પ્રકારના ?

ઓહોહો ! જ્યાં જુઓ ત્યાં જ્ઞેય દેખાયા. એમાંય છે તે (પોતે) સંપૂર્ણ શુદ્ધ. આત્માનો પ્રકાશ જ્યોતિસ્વરૂપ, તે જ્ઞેય જુએ અને પોતે જ્ઞેયાકાર થાય પાછો. પણ છતાં અડે-કરે નહીં, એમાંય શુદ્ધતા. હવે ત્યાં માની બેઠો છે કે આ મને કર્મ અડ્યું. એ માની બેઠો. માનેલું શી રીતે છૂટે ? એ માને છે શાથી ? ત્યારે કહે, મહીં પુણ્ય-પાપના જે પર્યાયો છે ને, એ પર્યાયો એને આવું કરાવડાવે છે, મનાવડાવે છે. એ પર્યાયો અમે તોડી નાખીએ છીએ હડહડાટ, એટલે ભૂમિકા ક્લિયર થઈ જાય છે. પછી જાગૃતિ આવી જાય.

જ્ઞેયોમાં પરિણમે છે છતાંય હું શુદ્ધ જ છું. કોઈ કહેશે, 'ત્યાં ચોંટી ગયું નથી ?' ત્યારે કહે, 'ના બા, હું શુદ્ધ જ છું.' માટે ગભરાશો નહીં. કંઈ 'હું' (આત્મા) બગડ્યો નથી, તમારી (અહંકારની) માન્યતા બગડી છે.

## સર્વ પ્રદેશે સંપૂર્ણ શુદ્ધ

**પ્રશ્નકર્તા :** એ જે 'સંપૂર્ણ શુદ્ધ' અને પછી 'સર્વાંગ શુદ્ધ' એ લખ્યું છે, એ શા માટે લખ્યું છે ?

**દાદાશ્રી :** લોકોને ખ્યાલમાં આવે કે બધી રીતે શુદ્ધ થઈ ગયેલો છે. એટલે આ સમજવા માટે લખેલું છે.

**પ્રશ્નકર્તા :** એટલે આત્માના અંગો હોય છે તે સર્વાંગ ?

**દાદાશ્રી :** આત્માના અંગ ના હોય, પ્રદેશો હોય. સર્વ પ્રદેશોથી શુદ્ધ હોય પણ પ્રદેશો ના સમજણ પડે એટલે 'સર્વાંગ' કહ્યું. સર્વાંગ એટલે સંપૂર્ણ. સમજાઈ જાય માણસને. પ્રદેશો સમજણ ના પડે.

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ શુદ્ધ અને સર્વાંગ શુદ્ધ એ બેમાં શું ફેર ?

**દાદાશ્રી :** સંપૂર્ણ શુદ્ધ છું એટલે એક્ઝેક્ટલી શુદ્ધ જ છું, એવું પાછા બધા અંગોએ કરીને શુદ્ધ છું, એવું વિગતવાર કહે છે. સર્વાંગ એટલે બધા અંગોથી, અંગ-ઉપાંગ બધામાં શુદ્ધ છું. અશુદ્ધતા હવે કોઈ જગ્યાએ રહી નથી હવે. ખરેખર શુદ્ધ જ છું. કોઈ દહાડો અશુદ્ધિ મારામાં આવી જ નથી. સર્વાંગ શુદ્ધ છું, બધા અંગે શુદ્ધ છું. હું સંપૂર્ણ શુદ્ધ છું અને સર્વાંગ શુદ્ધ છું, મને કશું અડતું નથી, એટલે લોકો કહેશે, 'આ બધું જુઓ-કરો છો, તો તમને કશું કર્મ ના બંધાય?' ત્યારે કહે, 'ના બા, મારે તો કર્મ કશું ના બંધાય.'

**પ્રશ્નકર્તા :** એવી રીતે બધા જ દ્રવ્ય પોતાનાથી સર્વાંગી શુદ્ધ છે ને?

**દાદાશ્રી :** આ બધા જ દ્રવ્યો શુદ્ધ જ છે.

**પ્રશ્નકર્તા :** 'દ્રવ્યે કરીને હું સંપૂર્ણ શુદ્ધ છું.' દ્રવ્યે કરીને એટલે શું સમજવું ?

**દાદાશ્રી :** દ્રવ્ય એ આપણા લોકો શું સમજે ? પૈસાને દ્રવ્ય સમજે છે આપણા લોકો. ખરી રીતે દ્રવ્યને વસ્તુ કહેવાય છે, તત્ત્વ કહેવાય છે. એટલે તત્ત્વે કરીને હું સંપૂર્ણ શુદ્ધ છું. શું છે ? તત્ત્વને દ્રવ્ય કહે છે. એટલે તત્ત્વે કરીને સંપૂર્ણ શુદ્ધ છું. પછી વસ્તુ કહો કે તત્ત્વ કહો, પણ વસ્તુએ કરીને સંપૂર્ણ શુદ્ધ છું.

## ઉપાધિમાં ચિંતા ના થાય એ શુદ્ધત્વનું લક્ષણ

**પ્રશ્નકર્તા :** 'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.' આ જ્યારે આપણે બોલીએ ત્યારે મહીં શું પરિણામ થવા જોઈએ ?

**દાદાશ્રી :** કશા પરિણામ થવા ના જોઈએ, એને જાણવું જોઈએ. આટલી બધી વસ્તુઓ જાણવાની હોવા છતાં, એને જાણું છું છતાં મારી શુદ્ધતાને બગાડતું નથી એવું કહેવા માગે છે.

ગટરને જોઉં છું ને જાણું છું તોય મારું એ બગડતું નથી અને અત્તરને જોઉં છું, જાણું છું, બીજું કરું છું, ખરાબ કે સારું જોઉં છું પણ તેથી કરીને આ જ્ઞાન મારું એમાં નથી ભળતું. એટલે લોક મહીં ગૂંચાય છે કે આ જોઈએ એટલે મહીં આત્મા બગડ્યો.

**પ્રશ્નકર્તા :** દ્રવ્ય-ગુણ-પર્યાયથી સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું, તો આ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી એનું શુદ્ધત્વ કેવી રીતે સમજાય? અને આ બોલવાનું બહાર ફળ આવ્યું એ કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** ચિંતા ના થાય એટલે. ઉપાધિના પરિણામ આવે તોય ચિંતા ના થાય, એ ઉપરથી ખબર પડે. પાસ થયો તો ના ખબર પડે કે ભઈ, સારું લખ્યું હશે ! અને પૂછ પૂછ કરે ત્યારે કહીએ, 'ભાઈ, માર્ક જોઈ આવો મારા.'

## આ તો કેવળજ્ઞાનનું વાક્ય

'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી...' એ વાક્યનો અર્થ કરવો હોય તોય ના જડે. એ શું કહેવા માગે છે તેય સમજણ ના પડે. આપણે આત્મા પ્રાપ્ત થઈ ગયો ને? લક્ષમાં બેસી ગયો ને ? પછી એથી વધારે શું જોઈએ? અને એ આત્મા એના પોતાના ગુણધર્મો સહિત છે જ !

હવે જગત ક્યાં પહોંચી વળે ? સમકિતને તો પહોંચી ના વળે. કેવળજ્ઞાન સ્વરૂપી આત્મા આપેલો છે. એ વાક્ય છે એ જ કેવળજ્ઞાન સ્વરૂપ(ને પહોંચે) છે. 'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું' એ કેવળજ્ઞાન(ના લેવલનું) વાક્ય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમજે એટલે બધું આખું કેવળજ્ઞાન સમજી ગયો.

'અનંતા જ્ઞેયોને જાણવામાં...' આ અમારા વાક્યમાં એટલું બધું બળ છે કે બોલતાંની સાથે જ પોતે ફુલ (સંપૂર્ણ) કેવળજ્ઞાન સ્વરૂપ થઈ જાય. આ વાક્ય સમજવામાં છે બહુ અઘરું પણ બોલે તો ફુલ કેવળજ્ઞાન સ્વરૂપ થઈ જાય. કારેલાનું નામ ના જાણતો હોય પણ શાક ખાય તો સ્વાદ તો આવી જાય ને?

## ચંદુલાલ બોલનારા, 'તમે' જોનારા

હવે બધા આંખો મીંચીને 'હું અનંત જ્ઞાનવાળો છું' એ જો પચ્ચીસ વખત નહીં, સો વખત બોલાય તો બોલજો. ત્યાંથી શરૂ, પહેલું બોલો...

**પ્રશ્નકર્તા :** અંદર જ બોલવાનું છે ને ?

**દાદાશ્રી :** અંદર જ બોલવાનું. પણ પહેલું શું બોલવાનું, કે હું ચંદુલાલ, મન-વચન-કાયાનો યોગ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન ! હું અનંત જ્ઞાનવાળો છું, તે કોણ ? હું કાલે બોલાવતો હતો ને તમે બોલતા હતા. આજે તમે બોલાવો ને ચંદુલાલ બોલે. કોણ બોલાવે? જોનારા 'તમે' અને બોલનારા આ ચંદુલાલ. ચાલો, હવે શરૂ કરી દેશો.

## અનંત દર્શન, તેથી પહોંચી વળે અનંત દશ્યોને

**પ્રશ્નકર્તા :** પછી અનંત દર્શન એટલે શું ?

**દાદાશ્રી :** એવું છે ને, દશ્યો કેટલા છે ? એને ગણાય એવા છે?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એટલે દશ્યો અનંત છે, માટે દર્શનેય અનંત છે. દશ્યો અનંત હોય ને દર્શન અનંત ના હોય તો શું દશા થાય ? દશ્યો અનંત હોય ને આપણે થોડુંક જ દર્શન હોય શી રીતે ચાલે ? આને પહોંચી વળાય ? દ્રષ્ટાના દર્શન કેટલા ? ત્યારે કહે, અનંત દર્શન છે.

**પ્રશ્નકર્તા :** આ બાજુ અનંત દર્શન છે, અનંત જ્ઞાન છે અને વચ્ચે જ્ઞાનાવરણ છે, દર્શનાવરણ છે એના સંબંધમાં કહો. દર્શનાવરણ કોને કહેવાય?

**દાદાશ્રી :** આ જગતના બધા લોકોને દર્શનનું આવરણ છે, મિથ્યાત્વનું. સમ્યક્ દર્શનનું આવરણ હોય તેને મિથ્યાત્વ કહેવાય. સમ્યક્ જ્ઞાનનું આવરણ મિથ્યાજ્ઞાન હોય ત્યારે જ્ઞાનાવરણ કહેવાય.

## અન્ડિસાઈડેડ તે દર્શન, ડિસાઈડેડ તે જ્ઞાન

**પ્રશ્નકર્તા :** જ્ઞેયો અનેક પ્રકારના હોવાથી તેની સામે હું અનંત જ્ઞાનવાળો છું. દૃશ્યો અનેક પ્રકારના હોવાથી તેની સામે હું અનંત દર્શનવાળો છું. જ્ઞેયો અને દૃશ્યોમાં તફાવત શું છે તે સમજાવવા કૃપા કરશો.

**દાદાશ્રી :** જ્ઞાન અને દર્શનમાં ભિન્નતા ગુણ છે. નક્કી થયા પહેલા દર્શન, નક્કી થયા પછી જ્ઞાન.

દર્શન એટલે શું ? તમે અંધારામાં કોઈ જગ્યાએ બેઠા છો પાંચ-છ જણ અને બગીચામાં કંઈક અવાજ આવ્યો. એટલે તમારા પાંચ-છ જણમાંથી એક જણ બોલી ઊઠે, 'અલ્યા કંઈક છે !' એવું બોલે કે ના બોલે આપણા લોક, અવાજ આવે એટલે ? ત્યારે બીજો કહે, 'હા, કંઈક છે !' તો બધાય કહેવા માંડ્યા, 'હા, કંઈક છે !' ત્યારે મારા જેવા કો'કે પૂછ્યું કે 'પણ શું છે એ કહે ને ?' ત્યારે કહે, 'એ તો શી રીતે ખબર પડે ? કંઈક છે ખરું.' એ 'કંઈક છે' એ જ્ઞાન થયું એનું નામ દર્શન. જો તીર્થંકર કેવા ડાહ્યા હતા, નહીં ? આને દર્શનમાં મૂક્યું.

હવે એ બધા ઊઠીને ગયા શું છે એ જોવા માટે અને ત્યાં જઈને એક જણ કહે છે, અરે ! આ તો ગાય છે. ત્યારે બીજો કહેશે, હા, ગાય છે. ત્યારે એનું નામ જ્ઞાન. 'કંઈક છે' એનું નામ દર્શન અને 'આ છે' એ જ્ઞાન. ગાય છે એનું નામ જ્ઞાન. ડિસાઈડેડ થયું, ડિસાઈડેડ એ જ્ઞાન કહેવાય અને અન્ડિસાઈડેડ એ દર્શન કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ સંજોગોમાં ગાય એ જ્ઞેય બને છે ને એ પછી ?

**દાદાશ્રી :** હા, ગાય જ્ઞેય છે, પહેલા દૃશ્ય હતી.

દ્રષ્ટાએ દૃશ્યને જોયું એટલે દર્શન ઊભું થાય. જ્ઞાતાએ જ્ઞેયને જાણ્યું એટલે જ્ઞાન ઊભું થાય.

## મૂંઝવણમાં આશરો દર્શનનો

પોતે પરમાત્મા ને ક્યાં સુધી છૂપાઈ રહેવું ? પોતાના જ ઘરમાં ભરપૂર માલ, છતે માલ, અનંત જ્ઞાન-દર્શન-શક્તિ, અનંત સુખ હોય છતાં તે ન વાપરે તો કોનો દોષ ? ભરેલો માલ તો ફળ આપીને જશે. પણ જ્ઞાન છે ને સૂઝ છે, તો પછી સફોકેશન (ગૂંગળામણ) ક્યાંથી ?

એટલે જે ઉપાય બતાવ્યા એ ઉપાય કરવા પડે બધા, તે લખ્યા છે. તેમાં શું ઉપાય મેં બતાવ્યા છે તે વાંચો જોઈએ !

**પ્રશ્નકર્તા :** જ્યારે કંઈક ગૂંગળામણ થાય, સૂઝ ના પડે, ડખોડખલ કે એવું થાય, તે વખતે 'હું અનંત દર્શનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, હું અનંત દર્શનવાળો છું' એમ બોલો પાંચ-પચ્ચીસ વખત અને તરત જ સૂઝ પડવા માંડે કે આનો ઉકેલ કેમ લાવવો.

**દાદાશ્રી :** હા, અતિશય મૂંઝવણમાં આશરો કોનો ? દર્શનનો. 'હું અનંત દર્શનવાળો છું, હું અનંત દર્શનવાળો છું' પાંચ-પચ્ચીસ-પચાસ વખત બોલી નાખવું, દાદાનો ફોટો સામે રાખીને. એટલે પછી તરત જ સૂઝ પડી જશે, તરત જ.

મૂંઝામણ થાય ત્યારે 'અનંત દર્શનવાળો છું, અનંત દર્શનવાળો છું' બોલે તો બધી મૂંઝામણ (મૂંઝવણ) નીકળી જાય.

## સ્વગુણો ભજતા હટતા આવરણો

**પ્રશ્નકર્તા :** કંઈ પણ પ્રોબ્લેમ ઊભો થાય ત્યારે સમજણ પડતી ન હોય, જ્યારે મતિ મૂંઝાવે વ્યવહારે, ક્યાંક એવો વ્યવહારિક પ્રસંગ આવી પડે અને સમજણ ન પડે ત્યારે 'હું અનંત જ્ઞાનવાળો છું, અનંત જ્ઞાનવાળો છું, હું અનંત જ્ઞાનવાળો છું' જોર જોરથી બોલે એટલે બધા પરમાણુ નીકળે. એકદમ સૂઝ પડવા માંડે, તરત જ, તે વખતે.

**દાદાશ્રી :** આવરણ આવ્યું હોય, તે ઊડી જાય બધું.

**પ્રશ્નકર્તા :** બધા વાદળા હટતા જાય.

**દાદાશ્રી :** પોતાના ગુણો બધા બોલવા જોઈએ. સ્વાભાવિક ગુણો છે એ. 'હું અનંત જ્ઞાનવાળો છું,' 'અનંત દર્શનવાળો છું' એવું પચ્ચીસ-પચાસ વખત બોલવું જોઈએ. રોજ એ બધા ગુણો બોલવાનો અભ્યાસ કરવો જોઈએ.

## જ્ઞાન-દર્શન ગુણોથી પોતે શુદ્ધ

**પ્રશ્નકર્તા :** આત્માના અનંત ગુણો છે કે આ જ્ઞાન અને દર્શન છે તેના અનંત ગુણો છે ?

**દાદાશ્રી :** ના, આત્માના. જ્ઞાન-દર્શન મોટા ગુણો એટલે 'જ્ઞાન-દર્શન આદિ અનંતા ગુણો થકી' એવા બીજા અનંતા ગુણો થકી હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.

**પ્રશ્નકર્તા :** એનો દાખલો શું ?

**દાદાશ્રી :** આ પ્રકાશ છે એના જેવું. આ પ્રકાશ બહાર બધો છે, તે અહીંયા આગળ લીલો રંગનો કાચ મૂકે, પીળો મૂકે તો નીચે પ્રકાશ લીલો-પીળો દેખાય છતાંય એ કહે છે કે હું શુદ્ધ જ છું. આ તો લીલા-પીળાને લીધે રંગ બધા જુદા બદલાયા છે, બાકી હું તો પોતે શુદ્ધ જ છું. એવી રીતે આત્મા શુદ્ધ જ છે. બીજી બધી જાતજાતની પ્લેટો (આવરણ) આવે છે એટલે અવળું દેખાય છે, છતાં પોતે શુદ્ધ છે.

મારા પોતાના ગુણધર્મ એટલે જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણો થકી પણ હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું. ગુણે કરીને શુદ્ધ છું એવું કહેવા માગે છે. તત્ત્વે કરીને શુદ્ધ છે જ. ગુણ જે એની મહીં રહેલા છે પોતાનામાં, એ ગુણો સહિત પોતે શુદ્ધ જ છે. હા, એ ગુણોયે શુદ્ધ છે ને એય શુદ્ધ છે.

ગુણ એટલે જ્ઞાન-દર્શન એવા અનંતા ગુણો. જ્ઞાન-દર્શન-ચારિત્ર, શક્તિ, વીર્ય. પછી આનંદ-બાનંદ બધા બહુ ગુણો, એ બધા ગુણોથી શુદ્ધ છું.

## આત્માનો મુખ્ય સ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા

આત્માનો મુખ્ય સ્વભાવ શો ? જ્ઞાતા-દ્રષ્ટા, પરમાનંદ ! બીજા તો પાર વગરના ગુણો છે, પણ જ્ઞાતા-દ્રષ્ટા એ મુખ્ય છે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા-દ્રષ્ટાભાવ સાથે પરમાનંદ પણ રહે ?

**દાદાશ્રી :** પરમાનંદ જ હોય, નિરંતર પરમાનંદ. અમને છવ્વીસ વર્ષથી ટેન્શન ઊભું થયું નથી, એક સેકન્ડેય. ગાળો ભાંડે, ધોલ મારે, જેલમાં લઈ જાય, તોય અમને ટેન્શન ઊભું ના થાય. અને એ શક્તિ તમારામાંય છે, ફક્ત શક્તિ કેળવવાની જરૂર છે. જે સામાન મારામાં છે એ સામાન તમારામાં છે. જ્ઞાતા-દ્રષ્ટાપદ સિવાયની ભ્રાંતિ છે. હા, જ્ઞાતા-દ્રષ્ટા ના હોય ત્યાર પછી ભ્રાંતિ ઊભી થાય. જ્ઞાતા-દ્રષ્ટા એટલે બધી વસ્તુ જ્ઞેય દેખાય. એટલે જ્ઞાતા-દ્રષ્ટામાં રહેવું. પોતે નિરંતર જ્ઞાતા-દ્રષ્ટાપદમાં રહેતા હોય તે જ્ઞાની.

## આને કહેવાય સ્વસત્તા

**પ્રશ્નકર્તા :** 'ક્ષણે ક્ષણે સ્વ-સત્તામાં રહી સ્વસત્તાનો જ ઉપભોગ કરું.' તો સ્વસત્તા તો આપે આપી જ છે, તેનો ઉપયોગ શી રીતે કરું ? અને 'પરસત્તામાં પ્રવેશ ના કરું' તો તે કઈ રીતે ? એ વિગતથી સમજાવો.

**દાદાશ્રી :** તમામ ક્રિયામાત્ર પરસત્તા છે. ક્રિયામાત્ર ને ક્રિયાવાળું જ્ઞાન પણ પરસત્તા છે. જે જ્ઞાન અક્રિય છે, જ્ઞાતા-દ્રષ્ટા અને પરમાનંદી છે, જે આ બધી ક્રિયાવાળા જ્ઞાનને જાણે છે, તે આપણી સ્વસત્તા છે ને તે જ 'શુદ્ધાત્મા' છે.

**પ્રશ્નકર્તા :** સંસારી માણસોએ સ્વસત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો ?

**દાદાશ્રી :** જ્ઞાતા, દ્રષ્ટા ને પરમાનંદી રહેવું. મન-વચન-કાયા સ્વભાવથી જ 'ઈફેક્ટિવ' છે. ઠંડીની 'ઈફેક્ટ' થાય, ગરમીની થાય, આંખ ખરાબ જુએ તો ચીતરી ચઢે, કાન ખરાબ સાંભળે તો અસર થાય. તે આ બધી 'ઈફેક્ટ'ને આપણે જાણીએ. આ બધું 'ફોરેન ડિપાર્ટમેન્ટ'નું છે ને આપણું 'હોમ ડિપાર્ટમેન્ટ' છે.

જ્ઞેયો અનંત પ્રકારના હોવાથી તેની સામે હું અનંત જ્ઞાનવાળો જ્ઞાતા છું. દૃશ્યો અનંત પ્રકારના હોવાથી તેની સામે હું અનંત દર્શનવાળો દ્રષ્ટા છું. હું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્યવાળો એવો શુદ્ધાત્મા છું. હું અનંત જ્ઞાનક્રિયા, દર્શનક્રિયા અને શક્તિ ક્રિયાવાળો એવો શુદ્ધાત્મા છું.

## આત્મા અનંત શક્તિનો ભંડાર

જેટલા જીવો છે દુનિયામાં, એ બધા જીવોની ભેગી કરેલી શક્તિ એક આત્મામાં છે બધી. આત્માની શક્તિ છે એ બીજી કોઈ વસ્તુમાં આવતી નથી, એટલી બધી શક્તિઓ છે.

આત્મામાં એટલી બધી શક્તિ છે કે ભીંતમાં પ્રતિષ્ઠા કરે તો ભીંત બોલે તેમ છે !

આખું બ્રહ્માંડ જાણવાની, અનુભવવાની, એવી બધી અનંત શક્તિઓ છે.

આત્મશક્તિની લંબાઈનો પાર જ નથી ! દરેક માણસના વિચારને 'એક્સેપ્ટ' કરે એટલે સુધી લંબાઈ છે. ચોર ચોરી કરે તેય 'એક્સેપ્ટ' કરે, દાનેશ્વરી દાન આપે તેય 'એક્સેપ્ટ' કરે, બધું 'એક્સેપ્ટ' કરે એવી એ આત્મશક્તિ છે, પરમાત્મશક્તિ છે અને એ જ આત્મા છે !

આત્માની અનંત શક્તિ છે. આત્મા તો તમારી (ભૂલો દેખાડે એ) ભૂલ ઉપરેય ભૂલ કાઢે (દેખાડે) છે ને તેની ઉપરેય ભૂલ કાઢે (દેખાડે) છે. છેલ્લી ભૂલ વગરનો આત્મા.

આ આત્માની શક્તિ એવી છે કે દરેક વખતે કેમ વર્તવું, તે બધો ઉપાય બતાવી દે ને તે પાછું કદી ભૂલાય નહીં, આત્મા પ્રગટ થાય પછી.

ઓહોહોહો ! અનંત ગુણ છે, અનંત શક્તિ છે ! પોતાના અનુભવમાં આવે. એટલે એમાં બીજું કંઈ કરવાનું હોતું જ નથી. કારણ કે આટલી બધી પૌદ્ગલિક શક્તિઓ દુઃખદાયી કે દુઃખ આપનારી છે. એ બધીને અડવા નથી દેતી આ. પાણીમાં રહેવા છતાં પાણીને સ્પર્શ નથી થવા દેતી તે કેટલી બધી શક્તિ ધરાવે છે ! આ બધુંય નિર્લેપ જ રાખી શકે છે, અસંગ જ રાખી શકે છે. સંપૂર્ણ સંગમાં રહેવા છતાં, ભીડમાં રહેવા છતાં અસંગ રહી શકે છે. આવી કેટલી બધી શક્તિઓ છે પોતાની ! આ તો ખુલ્લી શક્તિઓ, બીજી તો જે શબ્દથી વર્ણન ના થાય એવી શક્તિઓ બધી હું જાણું છું. એનું વર્ણન શી રીતે હું તમને કહું ?

**પ્રશ્નકર્તા :** એટલે આત્મા સર્વશક્તિમાન કહ્યો ?

**દાદાશ્રી :** માટે તે ભગવાન છે, એ કંઈ જેવું-તેવું નથી ! કોઈ પણ વસ્તુ એને ડરાવી શકે નહીં. કોઈ પણ વસ્તુ એને ડિપ્રેશન ના લાવી શકે. એને દુઃખી કોઈ કરી શકે નહીં. કેટલી બધી અનંત શક્તિ !

અપરંપાર શક્તિ હોય. એટમ બૉમ્બ પડવાનો થાય તોય મહીં પેટમાં પાણી ના હલે એટલી શક્તિ છે અંદર !

આત્માની ખુમારી જ જબરજસ્ત છે ! આખાય સંસારના બૉમ્બ પડે તોય હાલે નહીં તેવી આત્માની ખુમારી છે.

**પ્રશ્નકર્તા :** આપ કહો છો, ભગવાન એ ભગવાન !

**દાદાશ્રી :** હા, એની પાસે અનંત શક્તિ છે. એ શક્તિરૂપે તો દરેક જીવમાં છે. બધી જ જાતની શક્તિ, એટલે એમાં શું બાકી રહે ? પણ આવી ભૌતિક શક્તિ નથી એનામાં. એનામાં બધી આધ્યાત્મિક, વાસ્તવિક શક્તિ છે.

આત્મામાં ગજબની શક્તિ છે ! અહીં બેઠા બેઠા આખું બ્રહ્માંડ દેખાય તેવું છે. મહીં અનંત શક્તિનો ભંડાર છે. એક આંગળી ઉપર આખાય બ્રહ્માંડનો ભાર રહે તેમ છે. પણ પ્રગટ થાય ત્યારે કામ લાગે.

પ્રત્યક્ષ આનંદ, પરમાનંદ, રાગ-દ્વેષ રહિતપણું, ક્રોધ-માન-માયા-લોભની નિર્બળતા રહિતપણું. કોઈ પણ જાતની અશક્તિ રહે નહીં. કોઈ પણ જાતના બોધરેશન (માનસિક ઉપાધિ)ને તોડી નાખે. તમામ પ્રકારની ડિફિકલ્ટિ (આપત્તિઓ) તોડી નાખે. કોઈ પણ ડિફિકલ્ટિને તોડી નાખીને આગળ મોક્ષમાં જઈ શકે એવી અનંત શક્તિઓનો ધણી છે.

**પ્રશ્નકર્તા :** એ અનંત શક્તિ છે તે તીર્થંકર સિવાય બીજા કોઈને દેખાય ખરી ? તીર્થંકર સિવાય બીજા કોઈને સમજમાં આવે ?

**દાદાશ્રી :** ના, બીજાને પૂરેપૂરી સમજમાં ના આવે.

## કલ્પશક્તિથી ઊભો થયો સંસાર

**પ્રશ્નકર્તા :** આત્મામાં પછી બીજી કઈ શક્તિઓ છે ?

**દાદાશ્રી :** આત્માની અનંત શક્તિ છે, તેમાં કલ્પ નામની એક શક્તિ છે. કલ્પ એ ખુદ છે, તેમાંથી તે વિકલ્પી થાય છે અને તે નિર્વિકલ્પી થાય તો કલ્પ થાય.

આપણને જ્ઞાની પુરુષ (પોતાનું સ્વરૂપ) દેખાડી દે, પછી કલ્પવૃક્ષી (આત્માની) અનંત શક્તિઓ ખીલી જાય. અત્યારે તો (અજ્ઞાન દશામાં) શક્તિઓય ખીલતી નથી. ઊલટી શક્તિઓ બધી ખલાસ થવા માંડી. શક્તિઓ મહીં હોય છે ને જે સમતા હોય તેય જતી રહે છે.

અનંત શક્તિ છે તેની વિપરીત સ્ફુરણાથી આવડું મોટું બ્રહ્માંડ ઊભું થઈ ગયું છે આડી બાજુનું, તો સમ્યક્ સ્ફુરણાથી શું ના થાય ? સ્ફુરણા કરે તેવું થઈ જ જાય. તે નકામી ના જાય. ફક્ત નિશ્ચય કરવાની જ જરૂર છે.

જેવી કલ્પના કરે ને, તેવો થઈ જાય. 'હું લેફ્ટનન્ટ (લશ્કરી અમલદાર) છું' કહે તો એવો થઈ જાય. 'હું અજ્ઞાની છું' કહે તો એવો થઈ જાય, 'હું ક્રોધી છું' કહે તો તેવો થઈ જાય. અને 'હું અનંત શક્તિવાળો છું' બોલ જોઈએ, તે ઘડીએ શું થઈ જાય ? અનંત શક્તિવાળો થઈ જાય.

## છતાંય પાપડય ભાંગવાની શક્તિ નથી

**પ્રશ્નકર્તા :** આત્માની શક્તિ અને શારીરિક શક્તિ, એ બેને કંઈ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** એ બેની શક્તિ જુદી જ છે.

**પ્રશ્નકર્તા :** એ બંને એકબીજાને અસર કરે ?

**દાદાશ્રી :** કરે જ છે ને ! આ શારીરિક શક્તિને લીધે તો પેલી આત્માની શક્તિ બંધ થઈ જાય છે. શારીરિક શક્તિ વધારે હોય તો પાશવતા વધે.

**પ્રશ્નકર્તા :** અને આત્માની શક્તિ વધારે હોય તો ?

**દાદાશ્રી :** પાશવતા ઘટે ને મનુષ્યપણું ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** તો પછી આત્માની શક્તિ મેળવવા માટે માણસે શું પ્રયત્ન કરવો જોઈએ ?

**દાદાશ્રી :** આત્માની શક્તિ મહીં છે જ. આત્માની શક્તિ એ તો પરમાત્માપણાની શક્તિ છે. બાકી એ પરમાત્મામાં એક શેક્યો પાપડ ભાંગવાની શક્તિ નથી અને આમ અનંત શક્તિના એ માલિક છે !

**પ્રશ્નકર્તા :** હં, પાપડ ભાંગવાની શક્તિ નથી પણ તમે એક બાજુ એમ કહો છો કે આત્મામાં અનંત શક્તિ છે, એટલે બે શક્તિઓ થઈ ?

**દાદાશ્રી :** હા, શક્તિ બે પ્રકારની. એક શક્તિ તે જ્ઞાન-દર્શન, તેમાં લાગણીઓ હોય છે અને બીજી કાર્યશક્તિ, તે તેમાં લાગણીઓ ના હોય. અનંત શક્તિ છે તે આ શક્તિ, પોતાની શક્તિ તો પાર વગરની છે પણ આવી શક્તિઓ નથી. ત્યાં આ કહે છે, 'હું પહોંચ્યો એ મારી શક્તિ છે આ તો.' અલ્યા, આ તારી શક્તિ છે જ નહીં, આ તો રિઝલ્ટ છે.

## ન હોય એ મિકેનિકલ શક્તિ

**પ્રશ્નકર્તા :** જો આત્મા-પરમાત્મા કશું કરી શકતો ના હોય તો આપણે એને 'અનંત શક્તિવાળો' કેમ કહીએ છીએ ?

**દાદાશ્રી :** અનંત શક્તિવાળો આત્મા-પરમાત્મા છે પણ આ જે તમે માનો છો એવી મિકેનિકલ શક્તિ એમાં નથી. મિકેનિકલ શક્તિ એ પાવરથી ઊભી થયેલી છે અને આ બધી મિકેનિકલ શક્તિ છે. આ તમે મહીં ખાવાનું નાખો, તો આ મશીન ચાલે. ખાવાનું ના નાખો, હવા ના પૂરો તો મશીન બંધ થઈ જાય.

શક્તિ બે પ્રકારની; એક મશિનરી બનાવવાની શક્તિ અને આ કશું કરે નહીં ને શક્તિ પાર વગરની ! ઈશ્વરની શક્તિ અપાર પણ કશું કરવાની નહીં. એની હાજરીથી બધું ચાલે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આત્મા જો અક્રિય છે તો પછી આટલી બધી શક્તિ આવી ક્યાંથી એનામાં ?

**દાદાશ્રી :** આત્મા અનંત શક્તિનો ધણી છે. એ અક્રિય છે એટલે આવી ક્રિયા નથી કરતો. આ મહેનતની ક્રિયા મિકેનિકલ છે, મિકેનિકલ નથી કરતો એ. પણ એની જ્ઞાનક્રિયા જબરજસ્ત હોય છે, દર્શનક્રિયા જબરજસ્ત હોય છે. અનંત શક્તિનો ધણી, જબરજસ્ત ! મિકેનિકલ શક્તિ નહીં. આ મશિનરી ફરે ને આ બધું લેવાદેવાની જે મિકેનિકલ શક્તિ છે, એ બધી પુદ્ગલની છે, પરમાણુની શક્તિ છે.

આત્મામાં ચાલવાની શક્તિ નથી, બોલવાની શક્તિ નથી. આત્માની જે શક્તિ છે, એમાંનો અંશ જો લોક જાણતું હોત ને, તો લોકોનું કલ્યાણ ના થઈ ગયું હોત ?

## પુદ્ગલની શક્તિએ ભગવાનનેય ગૂંચવ્યા

**પ્રશ્નકર્તા :** આત્માની શક્તિ અને આ પુદ્ગલની શક્તિ એમાં તફાવત શું ?

**દાદાશ્રી :** પુદ્‌ગલમાંય અનંત શક્તિ છે. તે રૂપી છે અને સક્રિય છે. અને તે પુદ્‌ગલ કંઈ પાછું પડે એવું નથી. પુદ્‌ગલે ભગવાનને આંતર્યા છે ને તે ભગવાન મહીં ગૂંચવાયા ! આ કોશેટો પેલો કરોળિયો વીંટે છે ને પોતાની આજુબાજુ, તે કરોળિયો જાળ તૈયાર કરે છે ને પછી મહીં મૂંઝાય જાય એના જેવી સ્થિતિ. આ પુદ્‌ગલની કરામત છે.

**પ્રશ્નકર્તા :** આપે પુદ્‌ગલ અને આત્મા બન્નેની અનંત શક્તિ કહી સાથે સાથે એ પણ સમજાવ્યું કે બન્નેની શક્તિ નોખી-નિરાળી છે, એકમેકની સાથે કંઈ લેવાદેવા નથી તો પછી પુદ્‌ગલે ભગવાનને કઈ રીતે આંતર્યા ?

**દાદાશ્રી :** પુદ્‌ગલમાં 'હું જ છું' એમ માનતો હતો એટલે એની શક્તિ પુદ્‌ગલમાં પેસી ગઈને, તે પુદ્‌ગલ શક્તિવાળું થયું. અને જ્યારથી 'હું આત્મા છું' તેનું લક્ષ બેસી ગયું ત્યારથી પુદ્‌ગલથી છૂટો પડ્યો. પણ શક્તિવંત બનેલું પુદ્‌ગલ નરમ પડતા વખત જાય અને છૂટો પડેલો આત્મા પૂર્ણપણે પહોંચતાય ટાઈમ લાગે.

## જીવમાત્રમાં અનંત શક્તિ પણ આવરાયેલી

**પ્રશ્નકર્તા :** દરેક જીવને એવી શક્તિ આપોઆપ મળે ખરી ?

**દાદાશ્રી :** હા, બધી મળે. બધી શક્તિ અંદર પુષ્કળ છે. અંદર ઘણી શક્તિ પડેલી છે, પણ શું કરે ? આવરાઈ ગયેલી છે, ઉપર આવરણ ચઢી ગયેલા છે. જેમ એક માટલીની અંદર મોટો પાંચસોનો ગોળો મૂક્યો હોય પણ માટલી ઉપર ઢાંકી દઈએ તો શું રહે ? એવું આ લાઈટ બધાની અંદર છે, ફર્સ્ટ કલાસ.

આત્માની શક્તિઓ સ્વાધીન છે પણ આવરાયેલી છે એટલે કામ નથી લાગતી. ઘરમાં દાટેલો હીરો હોય તો તેની કોને ખબર પડે ? પણ હીરાની શક્તિ હીરામાં ભરી પડી છે. એટલે આટલી બધી આત્માની અનંત શક્તિઓ આ આવરાયેલી પડી છે. આખું બ્રહ્માંડ ધ્રુજાવે, ડગાવે એટલી શક્તિઓ છે.

## લોકસંજ્ઞાએ આવરાઈ અનંત શક્તિ

**પ્રશ્નકર્તા :** આવરણ ખસે તો અનંત શક્તિ પ્રગટ થાય તો તે આવરણ વિશે વધુ સમજાવશો.

**દાદાશ્રી :** સ્વરૂપનું અજ્ઞાન એનું નામ જ મોહનું આવરણ. આત્મા તો અનંત શક્તિનો ધારક છે, પણ આવરણ કાઢવાનું છે. સ્વરૂપનું અજ્ઞાન છે અને સ્વરૂપનું અદર્શન છે, આ બે મોટામાં મોટા આવરણ છે.

દરેક જીવમાં, ગધેડા, કૂતરા ને ગુલાબના છોડમાંયે આત્માની અનંત શક્તિઓ છે પણ તે આવરાયેલી છે, તેથી ફળ ના આપે. જેટલી પ્રગટ થઈ હોય એટલું જ ફળ આપે. ઈગોઈઝમ ને મમતા બધું જાય તો એ શક્તિ વ્યક્ત થાય.

આત્માની ચૈતન્ય શક્તિ શેનાથી આવરાય છે ? આ જોઈએ છે ને તે જોઈએ છે. લોકોને જોઈતું હતું તે તેમનું જોઈને આપણેય શીખ્યા એ જ્ઞાન. આના વગર ચાલે નહીં. મેથીની ભાજી વગર ના ચાલે, એમ કરતા કરતા ફસામણ થઈ ગઈ ! અનંત શક્તિવાળો છે, તેની પર પથરા નાખ નાખ કર્યા ! આત્માની અનંત શક્તિ છે પણ આ જગતમાં ઘર્ષણ ને સંઘર્ષમાં જ બધી શક્તિઓ ખલાસ થઈ જાય છે.

## મહાત્માને આમ પ્રગટે અનંત શક્તિઓ

આત્માની અનંત શક્તિ છે. તે શક્તિ જગતમાં બધા લોકોને છે પણ અવ્યક્ત છે. તમને મેં વ્યક્ત કરી આપી છે. અમારી સંપૂર્ણ શક્તિ વ્યક્ત થઈ છે તે અમે વ્યક્તાત્મા છીએ. તમારે બધાને અમુક અમુક અંશે વ્યક્ત થતી જાય છે.

આત્માની શક્તિ વ્યક્ત થઈ જાય, પછી બહારની કશી માથાકૂટ જ કરવાની ના રહે. ખાલી મહીં વિચાર જ આવે કે તે પ્રમાણે બહાર બધું એની મેળે થઈ જાય. 'વ્યવસ્થિત' બધું કરી નાખે. પેલા રાજા કરતાંય આત્માનો વૈભવ ઘણો ઊંચો ! આ તો ભગવાન પદ છે !

**પ્રશ્નકર્તા :** મહાત્માને આત્મશક્તિઓ કેવી રીતે પ્રગટ થાય ?

**દાદાશ્રી :** પોતે અનંત શક્તિવાળો જ છે ! આત્મા થઈને 'હું અનંત શક્તિવાળો છું' બોલે એટલે એ શક્તિ પ્રગટ થતી જાય. 'જ્ઞાની પુરુષ' રસ્તા દેખાડે તે રસ્તે છૂટી જવું, નહીં તો છૂટાય એવું નથી. માટે કહે તે રસ્તે ચાલીને છૂટી જવું.

આ સેલ્ફનું રિયલાઈઝ કર્યું એટલે અનંત શક્તિ વધી, જબરજસ્ત શક્તિ પ્રગટ થઈ ગઈ.

આત્મા એટલે અનંત શક્તિવાન, હવે એમાંથી જેટલું આવરણ ખસે એમ શક્તિ ખીલતી જાય બહાર, પ્રગટ થતી જાય.

**પ્રશ્નકર્તા :** આવરણ ખસ્યા પછી એ આવરણની પાછળ જે રહેલું છે એ જ કાર્ય કરે છે ?

**દાદાશ્રી :** કોઈ કાર્ય કરતું નથી. સ્વભાવ બતાવે છે દરેકના. કાર્ય જો કરતું હોય તો તો ત્યાં આગળ કરનાર થયો. એનો સ્વભાવ બતાવે છે, અનંત શક્તિનો.

એટલે આ ધીમે ધીમે આપણા મહાત્માઓમાં શક્તિઓ આવશે ! આ આંતરિક શક્તિ ઉત્પન્ન થઈ છે એમને પણ બાહ્યસુખ, બાહ્યશક્તિઓ બહાર પ્રગટ થશે તેમ તેમ આ લોકો એક્સેપ્ટ કરશે. નહીં તો એક્સેપ્ટ કેમ કરે તે ? બહારની શક્તિઓ પ્રગટ થાય નહીં, તો શી રીતે એક્સેપ્ટ કરે ?

## અનંત શક્તિ વાપરો છૂટવા માટે

ભગવાન ભગવાન જ છે ! અનંતા ગુણો છે ! અનંતુ સુખ છે ! અનંતુ જ્ઞાન છે ! અનંતુ દર્શન છે ! અનંત શક્તિ છે એમની પાસે ! ભગવાન પાસે જો આટલી બધી અનંત શક્તિ ના હોત ને, તો આ મોક્ષે ના જવા દેત. આ જે અનાત્માની માયા છે તે ભગવાનના બાપનેય મોક્ષે ના જવા દે ! પણ ભગવાનેય અનંત શક્તિવાળા છે ને !

અનંત શક્તિવાળું પુદ્‌ગલ તે એને ખસેડીને પોતે બહાર નીકળી જાય છે. અનંત પ્રકારની મુશ્કેલીઓ આવે તોય પણ ઠેઠ પહોંચી જાય એવી અનંત શક્તિવાળો છે.

**પ્રશ્નકર્તા :** આત્માની જે અનંત શક્તિ છે, એ આ સંસારમાંથી છૂટવા માટે જ અનંત શક્તિ છે ?

**દાદાશ્રી :** આમાંથી છૂટાય એવું જ નથી. છૂટાય એવું જ નથી એટલે અનંત શક્તિના આધારે છૂટી જાય છે, નહીં તો આમાં તો જે આ જડે બાંધ્યો છે ! આત્માને કોણે બાંધ્યો છે ? આ તો વેલ્ડિંગથી કાપ્યું કપાય એવું નથી. આ લોખંડ તો વેલ્ડિંગથીય કપાઈ જાય, પણ આ તો એવું છે બંધન ! હા, આ એવું છે અનંત કે વેલ્ડિંગ કે કોઈથી કપાય નહીં એવું છે. એ જ્ઞાની પુરુષ એકલા જ કાપે આને.

**પ્રશ્નકર્તા :** એટલે અનંત શક્તિનો ઉપયોગ આ છોડાવવા માટે જ કરવાનો છે ?

**દાદાશ્રી :** છૂટવા માટે જ બધી અનંત શક્તિ વાપરવાની છે. તે અનંત શક્તિ વપરાય ક્યારે ? જ્ઞાની પુરુષ મળ્યા પછી આત્મા છૂટો પાડે ત્યારે અનંત શક્તિ વપરાય, નહીં તો ત્યાં સુધી અનંત શક્તિ હોય જ નહીં.

## જ્ઞાતા-દ્રષ્ટા રહેવાથી જ વિઘ્નો નાશ થાય

આત્માની અનંત શક્તિઓ છે, એ ઊંધી વપરાય તો આમેય કરી નાખે ને સીધી વપરાય તો પાર વગરનો આનંદ ઉત્પન્ન થાય. ઊંધી વપરાઈ તેનાથી તો આ બધું જગત ઊભું થઈ ગયું છે ! સિદ્ધ ભગવાનોને તો નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદ, એમાં જ નિરંતર રહેવાનું. ગજબનું સુખ તેમને વર્ત્યા કરે.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ શું એમ થયો કે આ અનંત શક્તિઓ છે તે પોતે પોતાના સ્વભાવમાં રહેવા માટે જ વાપરવાની છે, મોક્ષે જતાં જતાં ?

**દાદાશ્રી :** આ અવળી શક્તિથી સંસાર ઊભો થઈ ગયો છે. હવે સવળી શક્તિ એટલી બધી છે કે જે બધા જ વિઘ્નો તોડી આપે. તેથી જ તો આપણે પેલું વાક્ય બોલાવીએ છીએ : 'મોક્ષે જતાં વિઘ્નો અનેક પ્રકારના હોવાથી તેની સામે હું અનંત શક્તિવાળો છું'. જ્ઞાતા-દ્રષ્ટા રહેવાથી તમામ વિઘ્નોનો નાશ થઈ જાય.

જ્ઞાતા-દ્રષ્ટા રહેવાથી જ વિઘ્નો નાશ થાય, નહીં તો ના થાય. બીજો કોઈ ઉપાય નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, વિઘ્નો તો મર્યાદિત હોય ને ?

**દાદાશ્રી :** વિઘ્નો ? હા, બધું મર્યાદિત.

**પ્રશ્નકર્તા :** હા, એટલે નાશ થઈ જાય અમુક કાળે.

**દાદાશ્રી :** સૌ-સૌના ગજા પ્રમાણે મર્યાદિત વિઘ્નો હોય પણ આત્માની શક્તિ અનંત છે. તે વિઘ્નો બધા ગમે તેટલા હશે, એને તોડી નાખશે.

## વીતરાગ પરમાત્માને શક્તિની શી જરૂર

**પ્રશ્નકર્તા :** આત્મા એ શુદ્ધ સ્વરૂપની શક્તિ છે ? ચેતના ?

**દાદાશ્રી :** તદ્દન શુદ્ધાત્મા. મૂળ સ્વરૂપે પરમાત્મા છે.

**પ્રશ્નકર્તા :** પણ એ એક શક્તિનું સ્વરૂપ છે ?

**દાદાશ્રી :** પરમાત્મામાં શું ના હોય ? વીતરાગ, નિર્ભય. નિર્ભય એટલે બધું, પછી શક્તિ કોઈ જરૂર રહી જ નહીં ને ! નિર્ભયને શક્તિની જરૂર ખરી ?

**પ્રશ્નકર્તા :** નિર્ભય હોવું એ શક્તિની જરૂર નથી હોતી ?

**દાદાશ્રી :** ના, ના, વધુ શક્તિવાળો હોય તો જ એને ભય ના લાગે ને કોઈનો ? નિર્ભય એટલે ક્યારેય ભય ના લાગે. અનંત શક્તિઓનો ધણી એટલે એ નિર્ભય, વીતરાગ, નિરંતર પરમાનંદી એવો આત્મા !

પોતાને નિરાલંબ લાગવું જોઈએ. કોઈ પણ વસ્તુ મને કંઈ પણ કરી શકતી નથી, એવું એના મનમાં ભાન થઈ જાયને બધું તો કેટલી બધી શક્તિઓ ઉત્પન્ન થઈ જાય ! શક્તિવાળાને અડવાથી ફેરફાર થઈ જાય છે.

## શુદ્ધાત્મા ભગવાન, મને શક્તિ આપો

આત્માની તો અનંત શક્તિ છે ને જેટલી બાજુએ શક્તિ ફેરવવી હોય એટલી ફેરવો. એને ફેરવનાર જોઈએ. જેટલી બાજુની, કરોડો બાજુની ફેરવવી હોય તે ફેરવી શકાય. એવું નહીં કે આ આટલી બધી ભાંજગડ આવી પડી, શું થશે હવે ? શું થશે કહ્યું કે શુંયે થઈ જાય !

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એમ કે એ આત્માને ગણકારતો જ નથી. આત્મા અનંત શક્તિવાળો અંદર બેઠો છે, તો તેની પાસે શક્તિ માંગ ને !

**દાદાશ્રી :** હા, આત્માને અનંત શક્તિ છે,

ત્યાં શક્તિ માંગ ને ! કાં તો આત્મારૂપ થા ને કાં તો આત્મા પાસે શક્તિ માંગ તું.

**પ્રશ્નકર્તા :** આત્મારૂપ થયા પહેલા શક્તિ મંગાય ?

**દાદાશ્રી :** હા, શક્તિ તો મંગાય ને !

**પ્રશ્નકર્તા :** આત્મારૂપ ન થયો હોય તો પણ શક્તિ માંગવાનું બને ?

**દાદાશ્રી :** બને ને ! આપણે કહીએ, 'હે શુદ્ધાત્મા ભગવાન ! તમે અંદર બેઠા છો. હવે મને શક્તિ આપો.'

અને આપણે તો 'હે દાદા ભગવાન ! આપની સાક્ષીએ હું અનંત શક્તિવાળો છું' એવું બોલવું. પછી જો જો તો ખરા ! શક્તિ તો કેવી ઉછાળા મારે છે ! શું બોલવાનું ? 'આપની સાક્ષીએ હું અનંત શક્તિવાળો છું' બોલશો કે નહીં બોલાય ? આ શીખવાડું છું. આ બધી બહુ સરસ દવા છે. જુઓ ને, ભાઈએ દવા કરી તો એમનું કેવું સરસ થઈ ગયું ! તમને દવા કરવાની ભાવના થાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

## શક્તિ પૂરવાથી રિલેટિવ થાય શક્તિવાન

તમે શુદ્ધાત્મા છો અને આ ચંદુભાઈ શું કરે છે એ જોયા કરવાનું. ચંદુભાઈને મદદ કર્યા કરવાની. શુદ્ધાત્માની અનંત શક્તિ છે. અનંત શક્તિએ ચંદુભાઈને જોયા કરવાનું, ચંદુભાઈને શક્તિ આપ્યા કરવાની. જેટલી માગે એટલી શક્તિ અપાય. શુદ્ધાત્મા અનંત શક્તિવાળો છે.

**પ્રશ્નકર્તા :** તમે કહ્યું કે ચંદુભાઈને શક્તિ આપ્યા કરવાની, તે વિશે વધારે સમજાવશો.

**દાદાશ્રી :** આત્મા અનંત શક્તિવાળો છે. તે હવે તેની અનંત શક્તિ રિલેટિવમાં પૂરે એટલે રિલેટિવમાં પણ જબરજસ્ત શક્તિ આવે જ. તમને બીજી સમજ ન પડે તો રિલેટિવમાં અવિરોધાભાસ રહેજો હવે. તમને જ્ઞાન આપ્યું એટલે જ્યારે સમજ ન પડે, સૂઝ ન પડે ત્યારે 'હું અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું' તેમ બોલજો. દર્શન કાચું પડે તો 'હું અનંત દર્શનવાળો છું.' દેહની શક્તિ કાચી પડે તો 'હું અનંત શક્તિવાળો છું.' જંગલમાં વાઘ-વરુ કે સિંહ મળે ત્યારે 'હું અમૂર્ત છું' અને બાધા-પીડા દેહને થાય ત્યારે 'હું અગુરુ-લઘુ સ્વભાવવાળો છું' તેમ બોલજો. મહીં આત્માની અનંત શક્તિઓ છે. એટલી બધી શક્તિઓ છે કે બોલતાંની સાથે પરિણામ પામે.

ચંદુભાઈ કહે, 'આ ઘૈડપણને લીધે થતું નથી.' ત્યારે કહેવું, 'અમે તમને શક્તિ આપીશું.' ત્યારે કહે, 'આપો.' ત્યારે આપણે પછી બોલાવવું. 'બોલો, હું અનંત શક્તિવાળો છું.' આપણે બોલાવીએને, તે શક્તિ પાછી આપણા આત્મામાંથી એમાં પડે પાછી. કંટાળી ગયા હોય તો આપણે કરવું જ પડે ને ! પાડોશી છે ને !

હવે તો જે રહ્યો તે પ્રતિષ્ઠિત આત્મા છે. હવે પ્રતિષ્ઠિતને જરા પુશ ઑન આપવું પડે, શક્તિ આપવી પડે. આપણે બોલાવવું કે 'અનંત શક્તિવાળો છું' એટલે ચાલ્યું.

## અશક્તિમાં બોલવું, 'હું અનંત શક્તિવાળો છું'

**પ્રશ્નકર્તા :** મનનું, દેહનું બળ એમ લાગે ઘટી ગયું છે, એમ લાગે શરીર શક્તિ ક્ષીણ થવા માંડી છે એ વખતે 'હું અનંત શક્તિવાળો છું, હું અનંત શક્તિવાળો છું, હું અનંત શક્તિવાળો છું' એવું જોરજોરથી બોલીએ એટલે તે વખતે પાછી શરીરમાં તરત શક્તિ આવી જાય.

**દાદાશ્રી :** માંદો હોય, દેહબળ ઘટી ગયું હોય, શક્તિ ખૂટે ને મન-દેહ નિર્બળ થાય ત્યારે 'અનંત શક્તિવાળો છું' બોલે તોય શક્તિ આવી જાય.

હવે આ મહાત્મા આવે છે ને, એમના પિતાશ્રી બ્યાંસી વરસના, તે પછી આમ દાદરો ચડવાનો હોય તો એને જાતે ચડાય જ નહીં. ઝાલીને ચડાવે બે જણ, ને અહીં દાદરો ચડવાનો થયો. પછી મેં કહ્યું કે ભઈ, ઉપરથી બે જણા આવે છે. તમે ઉતાવળ ના કરશો, બેસી રહેજો. પણ એ તો આ અનંત શક્તિવાળો છું બોલ્યા. 'હું અનંત શક્તિવાળો છું, અનંત શક્તિવાળો છું' જોરથી બોલ્યા ને, તે ત્રણ આખા દાદરા (ત્રીજે માળ) થોડીવારમાં તો ચડી ગયા. છે ને શક્તિ પાર વગરની ! પણ પાછા બોલે એવું, હવે મારે ઘૈડપણ થયું એટલે કાંઈ થતું નથી. એવું બોલે એટલે પછી તેવું થઈ જાય. તે અત્યારે ઘૈડપણમાં તેમને ભાન નથી ને બોલે છે. એમના મનમાં એમ કે આપણી કિંમત વધી ને ! ઘૈડપણ છે ને !

આપણી પાસે જ્ઞાન છે એટલે આપણે 'હું અનંત શક્તિવાળો છું' બોલાય અને અશક્ત દેહમાંયે શક્તિ પડે ને બહારવાળા તો 'હું ખલાસ થઈ ગયો છું' બોલે ને ખલાસ થઈ જાય.

દેહ ઘરડો થયો છે પણ આત્મા ઘરડો થયો છે ? આત્મા અનંત શક્તિવાળો છે. જેટલી શક્તિ કાઢે તેટલી તેના બાપની !

## બોલતાંની સાથે દૂર થાય ડિપ્રેશન

દેહ પોતાનો નથી તો બીજું કોઈ પોતાનું હોય નહીં. ઑલ ધીસ આર ટેમ્પરરી, આત્મા પોતાનો છે. દેહ(નો માલિક-અહંકાર), મન ડિપ્રેસ થાય તો કહેવું, 'અમારી પાસે અનંત શક્તિ છે.' જ્ઞાનવાળાને મન નિર્બળ ના થાય. 'હું અનંત શક્તિવાળો છું' બોલ્યો કે મન એક્ઝેક્ટ (બરાબર) થઈ જાય. શરીર સામે મન નબળું પડ્યું કે ખલાસ થઈ ગયું.

અંદર અવળું બોલે તો આપણે સવળું બોલીએ. એ કહે, 'નબળાઈ લાગે છે' તો કહીએ, 'બોલો ચંદુલાલ, હું અનંત શક્તિવાળો છું.' અનંત શક્તિવાળો પાંચ મિનિટ બોલ્યા એટલે ફર્સ્ટ ક્લાસ થઈ જાય.

અહંકાર ભગ્ન થઈ જાય તો શું કરવું ? જબરજસ્ત અહંકાર તોડી નાખે તો ? આજુબાજુ શસ્ત્રોથી ઘા ઊંડો કરે, પણ આત્માને અનંત શક્તિ છે એટલે કહેવાનું કે 'અનંત શક્તિવાળો છું', તારે જે કરવું હોય તે કર્યા કર ને ! આપણે હઠ લઈને બેસવાનું, તપ કરવાનું. એટલે પછી ધીમે ધીમે ઓછા થઈ જાય, પોતે જ. અને ટોળાં ઓછા થાય એટલે પછી એનું બળ તૂટી ગયું.

'હું અનંત શક્તિવાળો' કહ્યું કે બધું બંધ થઈ ગયું. ગમે તેવું હોય તોય 'અનંત શક્તિવાળો છું' એટલે ઉકેલ આવી ગયો. આત્માની શક્તિ પાર વગરનીછે.

## બ્રહ્માંડ ધ્રુજાવે તેવી શક્તિ પ્રગટાવે દાદા

દાદા ભગવાનનું નામ દેશોને તો ગમે તે પરિસ્થિતિમાં મન ના સ્થિર થતું હોય, તેય સ્થિર થયા કરે. ગમે તેવી ખરાબ પોઝિશનમાંય 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' બોલજો. કારણ કે ચૌદ લોકનો નાથ મેં જાતે જોયો છે. એનામાં શું શક્તિ નહીં હોય ? અનંત શક્તિનો જે ધણી છે ! તો હવે બોલશો ને એવું ?

આ જે તમે અનંત શક્તિ છે એમ બોલો છો, તે શક્તિ કેટલી ? કોના જેવું રૂપક છે ? નાના છોકરાને આપણે પૂછીએ કે દરિયો જોવા ગયો હતો ? કેવડો મોટો હતો ? તો તે તેના હાથ પહોળા કરે તેટલો જ દેખાડે, તેવું આપણા મહાત્માઓનું છે. પણ આત્મામાં ગજબની શક્તિ છે ! અનંત શક્તિ છે ! આખું બ્રહ્માંડ ડોલાવે તેટલી શક્તિ છે ! પણ તેને, તેના ઘરના ધણીને જોતા ન આવડે, તેને કોઈ શું કરે ?

## અનંત શક્તિના ઉપયોગે મળે શાશ્વતુ સુખ

**પ્રશ્નકર્તા :** આત્માની અનંત શક્તિનો ઉપયોગ આ સંસાર છૂટવાના કામમાં લાગે, પછી બીજું શું પ્રાપ્ત થાય ?

**દાદાશ્રી :** અનંત શક્તિના ઉપયોગથી નર્યું સુખ મળશે, કાયમનું, પરમેનન્ટ સુખ.

બીજી બધી શક્તિઓ આની મહીં હોય જ પણ આપણે શેને માટે જોઈએ ? આપણે તો સુખ જોઈએ છે. મનુષ્ય, જીવમાત્ર સુખને ખોળે છે. એ સુખને માટે આ બધી ભાંગફોડ કર્યા કરે છે એ. સંસારમાં કલ્પિત સુખ મળે છે. એ સુખ નાશવંત છે, અંતવાળું છે અને અંતે પાછું દુ:ખ આવીને ઊભું રહે છે. એ દુ:ખેય નાશવંત છે, કલ્પિત છે અને સુખેય કલ્પિત છે. સાચું સુખ નથી અને સાચું સુખ એક સેકન્ડ પણ આવે તો પછી કાયમનું જોઈન્ટ થઈ જાય, સનાતન સુખ. એટલે આપણે જે ખોળીએ છીએ કાયમનું સુખ, તે મળી જાય આપણું સુખ, પછી કોઈનું દબાણ નહીં, કોઈની પરવશતા નહીં. જીવો આ જ ખોળે છે, કાયમનું સુખ. તે સુખ મળ્યા પછી દુ:ખ ના આવે અને પરવશતા નહીં.

## પ્રદેશે પ્રદેશે પાર વગરનું સુખ

પોતાની પાસે અનંત શક્તિઓ છે પણ બેભાનતાથી બધી શક્તિ આવરાઈ ગઈ છે. પોતે અનંત સુખનું ધામ છે. પ્રદેશે પ્રદેશે પોતે સુખનું ધામ છે, પણ ક્યાં ગયું એ સુખ ? આત્માના પ્રદેશે પ્રદેશે પાછા એકાકાર, જેમ બટાકામાં અનંત-અનંત જીવ હોય તેમ આત્મામાં પ્રદેશે પ્રદેશમાં એકાકાર. દરેક પ્રદેશ જોઈ શકે, જાણી શકે. દરેક પ્રદેશે આનંદ છે. આ જ્ઞાન મળ્યા પછી જેમ જેમ પ્રદેશો નિરાવરણ થતા જાય, તેમ તેમ આનંદ વધતો જાય એવું વીતરાગ વિજ્ઞાન છે.

આત્મા પોતે વીતરાગ છે, અનંત પ્રદેશવાળો છે. પોતાના પ્રદેશમાં એને કોઈ રાગ-દ્વેષ છે નહીં. નર્યો વીતરાગભાવ જ દરેક પ્રદેશમાં.

આત્મા પોતે સ્વયં સુખી, પરમાનંદી, એકેએક પ્રદેશમાં એટલા બધા સુખ છે ! તે બધા પ્રદેશો આવરાયા અને આ પારકી પીડાઓ-ઉપાધિ થઈ. અને આપણે માન્યું કે 'આ જ હું છું,' તે માર ખાધો. તે એક પણ પ્રદેશે 'પુદ્‌ગલ પરમાણુ' 'મારું' માન્યામાં ના આવે ત્યારે પોતાનું સંપૂર્ણ સુખ વર્તાય. એટલે હવે આપણે કહીએ છીએ કે 'આ હું નહીં,' તો એક દહાડે જશે એ બધા. પણ પ્રદેશે પ્રદેશે પાર વગરના આ સુખ છે.

સિદ્ધોને દરેકે દરેક પ્રદેશ ખુલ્લા હોય. પ્રદેશે પ્રદેશે પોતાનું અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત સુખ હોય ! ભગવાને કહ્યું છે કે સિદ્ધ ભગવાનનો એક મિનિટનો આનંદ આખા જગતના તમામ જીવોનો એક વરસ દહાડાનો આનંદ ભેગો કરે તે એટલા બરાબર થાય છે. લ્યો, એક મિનિટમાં ! સિદ્ધ ભગવાનનો આવો આનંદ તમને નથી રહેતો ? તમે આઠમા ભાગના સિદ્ધ થયેલા છો તો તમને કેટલું રહેવું જોઈએ ?

## આત્માને અડતા દુ:ખેય થઈ જાય સુખ

**પ્રશ્નકર્તા :** આગળ કહ્યું કે 'આત્મા અનંત આનંદનું ધામ છે,' એ વિશે વધારે ફોડ પાડશો ?

**દાદાશ્રી :** આત્મા આનંદનું જ આખું અસ્તિત્વ છે. આનંદનો જ જાણે કે કંદ હોય ને, એના જેવું છે. એમાં દુ:ખ પેસે જ નહીં અંદર, પોતે જ સુખ. જેમ બરફની અંદર દેવતા ના હોય ને, એવી રીતે આ આનંદનો જ ગોળો છે. એમાં બીજું કંઈ પેસે નહીં. એટલે મૂળ સ્વરૂપ થઈ જાય તો આનંદ જ છે, દુ:ખ હોય જ નહીં.

**પ્રશ્નકર્તા :** તો દુ:ખ ભોગવનાર આપણું

શરીર છે કે બીજું કોઈ છે? દુઃખ કોણ ભોગવે છે ?

**દાદાશ્રી :** દુઃખ અહંકાર ભોગવે છે. આ જે દુઃખ થાય છે એ અહંકારને થાય છે અને સુખ થાય છે તેય અહંકારને થાય છે. આ અહંકાર વચ્ચે ફાચર છે અને તે જ અજ્ઞાનતા છે. હું કરું છું ને હું ભોગવું છું, એ જ અહંકાર છે. આ અહંકાર જતો રહે એટલે આત્મારૂપ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તો પછી આ પીડા આત્માને અડતી નથી ?

**દાદાશ્રી :** આત્માને ક્યારેય પીડા અડી નથી અને જો પીડા અડે ને, સ્પર્શ થાય તો એ પીડા સુખમય થઈ જાય. આત્મા તો અનંત સુખનું ધામ છે. માનેલા આત્માને પીડા થાય છે, મૂળ આત્માને કશું જ અડતું નથી.

આ બરફનો મોટો ગાંગડો હોય અને એની પર દેવતા ઉપર નાખીએ તો બરફ દઝાય ? બરફ દઝાય કે દેવતા ઓલવાય ?

**પ્રશ્નકર્તા :** દેવતા ઓલવાય.

**દાદાશ્રી :** બરફ કોઈ દહાડો દઝાય નહીં, દેવતાને ઓલવાવું પડે. આ જેમ બરફ અહીં ઠંડો કંદ છે, એવું આત્મા આનંદનો કંદ છે. એટલે એને જો દુઃખ અડે ને, તો તેય સુખરૂપ થઈ જાય.

તે આત્મા કેવા સુખનું ધામ હશે ! નર્યું સુખ ઉભરાયા જ કરે. ધોધમાર સુખની આવક છે.

આ બરફનો દાખલો એ તો જાણે કે સ્થૂળ દાખલો છે, 'એક્ઝેક્ટ' ના કહેવાય. પણ આત્મા અનંત સુખનો ધણી, એને દુઃખ અડે જ નહીં. કેવી રીતે અડે ? જે અડે તે સુખ થઈ જાય, ખાલી અડવા માત્રથી સુખ થઈ જાય.

## નિરાકુળતામાં આત્મસુખ

**પ્રશ્નકર્તા :** ક્યારેક આનંદ-ઉલ્લાસનો અતિરેક થાય તો એ આત્માનો ?

**દાદાશ્રી :** ઉલ્લાસ વધારે થાય છે એય આત્માનો સ્વભાવ ન્હોય ને જે ડાઉન થાય છે (ઘટી જાય છે) તેય આત્માનો આનંદ ન્હોય. એ દૃષ્ટિફેરનો રોગ છે. તે ઊંચે-નીચે જાય છે તેય પાડોશી ચંદુભાઈને ત્યાંનો છે માલ. આત્મા તો તે સ્વાભાવિક આનંદમાં રહે છે.

**પ્રશ્નકર્તા :** એટલે જે અતિરેક આનંદ અમુક થાય એ છે તે હોય નહીં એ, પણ એના જેવો દેખાવ કરે.

**દાદાશ્રી :** એ જે અતિ થાય તેય આપણે ન્હોય. આપણા પાડોશીને જે ડાઉન થઈ જાય છે તેય આપણે નહીં. આ તો બધા પાડોશીના ગુણધર્મ છે, અતિ થવું, નીચે જવું, ઘટ-વધ થવું. એનાથી જુદા રહીને પોતે પોતાના ઘરમાં જ મુકામ રાખવો. એટલે ત્યાર પછી મોઢા પર આનંદ આવશે. કો'કને એમ લાગશે કે ભઈ કંઈક નવી જાતની શોધખોળ લાવ્યા છે ! આમની પાસે કંઈક છે ! આવો ઉલ્લાસ વધ-ઘટ થાય એ આત્મવિભાગ નથી.

માણસ છે તે હવા હોય તો જીવે, પાણી હોય તો જીવે, ખાવાનું હોય તો જીવે, પણ આને તો કોઈ ચીજની જરૂર નહીં. કોઈ જીવાડનાર નહીં, કોઈ એને મારનાર નહીં, કોઈ દુઃખ આપનાર નહીં. અનંત અવતાર, અનંત મુશ્કેલીમાંય પણ એ મુશ્કેલી પ્રૂફ, મુશ્કેલી રહિત. એને કોઈ મુશ્કેલી અડે નહીં, કોઈ દુઃખ અડે નહીં. મરણ થાય નહીં એનું. કોઈ પણ એવો ઉપાય નથી કે જે એનું મરણ કરે. અને જીવન આપી શકે નહીં કોઈ. એ પોતાની સ્વયં શક્તિથી જ જીવનાર અને સ્વયં સુખનો ભોક્તા.

**પ્રશ્નકર્તા :** સ્વયં સુખો એટલે કેવા સુખો ?

**દાદાશ્રી :** જે સુખ, દુઃખ વગરનું હોય, અંતર દુઃખ ના આવે. જે સુખ ઈમોશનલ વગરનું હોય, નિરાકુળતાવાળું હોય. ગાળો ભાંડે તો વ્યાકુળ ના થઈ જાય અને ફૂલ ચઢાવે તો આકુળ ના થઈ જાય.

## શાશ્વત સુખ અંદર, છતાં સુખ ખોળે બહાર

આત્મા અનંત આનંદનું ધામ છે છતાં બહાર સુખ ખોળ ખોળ કરે છે. આ તો અંદર જ સુખ છે પણ જગતમાં બધા બહાર સુખ ખોળે છે, પણ સુખની વ્યાખ્યા જ નથી નક્કી કરતા. 'સુખ એવું હોવું જોઈએ કે જેના પછી ક્યારેય પણ દુઃખ ના આવે.' એવું એકેય સુખ આ જગતમાં હોય તો ખોળી કાઢ, જા. શાશ્વત સુખ તો પોતામાં, સ્વમાં જ છે. પોતે અનંત સુખનું ધામ છે ને લોકો નાશવંત ચીજમાં સુખ ખોળવા નીકળ્યા છે!

આનંદ અંદરથી આવવો જોઈએ. બહારથી, આંખોથી દેખીને આવે એવો ના જોઈએ. સનાતન આનંદ જોઈએ ! ચેતનનો આનંદ તો એકવાર આવે પછી પાછો જાય નહીં. ચેતનનો આનંદ સનાતન હોય !

## આજ્ઞા પળાય તો વર્તે આનંદ

અમારી આજ્ઞા પાળે તો નર્યો આનંદ જ હોય. આજ્ઞા પાળનાર જોઈએ. કોઈ દહાડોય ગૂંચાય નહીં ને આનંદ રહે.

તમને શું રહે છે ભઈ, 'હું શુદ્ધાત્મા છું' એ રહે છે ?

**પ્રશ્નકર્તા :** હા, અખંડપણે. ગમે તેવા સંજોગોમાં ચિંતા-દુઃખ ના રહે પણ પરમ આનંદ સ્વરૂપ શું છે એ હજુ બરોબર પકડમાં આવતું નથી.

**દાદાશ્રી :** દુઃખમાં જે આનંદમય સ્થિતિ રહે, એનું નામ આનંદ કહેવાય.

**પ્રશ્નકર્તા :** દુઃખ તો ઊડી જ જાય છે આમ.

**દાદાશ્રી :** એ જ આનંદ. આનંદ હોય ત્યારે સુખ ને દુઃખની અસરો ઊડી જાય, એનું નામ આનંદ. જગત વિસ્મૃત કરાવડાવે, એનું નામ આનંદ કહેવાય.

## દુઃખના ભાગાકાર ગુણો થકી

એક દહાડો જો આત્મા જોડે વ્યવહાર બાંધે તો ફરી દુઃખ જ ના આવે. સુખિયા જોડે સંગ તે દુઃખ આવે જ ક્યાંથી ? આખું જગતનું દુઃખ આત્મા પર પડે ને, તોય નિરાંતે સ્થિર. કારણ કે એ દુઃખ આપણી પર પડતું નથી, દુઃખ દુઃખની ઉપર પડે છે. કારણ કે આત્મામાં દુઃખ નામનો ગુણ જ નથી. આત્મા નિરંતર સુખનો જ કંદ છે આખો. જ્યાંથી જુઓ ત્યાં નર્યું સુખ. પણ 'હું બહુ દુઃખી છું' એવું ચિંતવે કે પોતાનું અનંત સુખ આવરાય ને દુખિયો થઈ જાય. 'હું સુખમય છું' ચિંતવે કે સુખમય થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, વધારે સમજાવશો, 'હું બહુ દુઃખી છું' એવું ચિંતવે તો દુઃખી થઈ જાય ?

**દાદાશ્રી :** તમને આ જ્ઞાન તો મળેલું છે છતાં તમે કહો કે માથું દુઃખે છે, માથું દુઃખે છે, માથું દુઃખે છે. તે વધતું જાય. હા, એટલે માથું દુઃખે ને કો'ક પૂછે કે 'ભઈ, કેમ અત્યારે સૂનમૂન છો ?' તો કહેવું કે 'જરાક અસર થયેલી છે' અને પાછું આપણે શું બોલવું, કે 'અનંત સુખધામ છું, અનંત સુખધામ છું.' આપણે ભાગાકાર કરીએ ને, તે રકમમાં કશું રહે નહીં અને સંસારીઓને તો ગુણાકાર થાય. જેને જ્ઞાન નથી ને, તેને ગુણાકાર થાય. શી રીતે ?

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનને લીધે.

**દાદાશ્રી :** 'મને દુઃખે છે' કહે એટલા માટે. એવું બોલે એમ વધતું જાય. આત્માનો સ્વભાવ

કેવો છે ? જેવો ચિંતવે એવો થાય. એણે 'માથું દુઃખે છે' એવું ચિંતવ્યું તો તેવો. તે આપણે ભાગાકાર શાનાથી કરવા જોઈએ ? 'અનંત સુખધામ છું.'

આ બધો રસ્તો મેં બતાડ્યો છે. બધા રસ્તા આમાં (સત્સંગથી) બતાડી દીધા છે, પણ ખોળી કાઢે તો બધી દવા છે આમાં. આખા દવાખાનાની બધી જ દવાઓ મૂકેલી છે. દવા કંઈ બાકી રાખી નથી. પણ હવે એટલી તપાસ કરવી પડે ને કે આ શીશીઓ ક્યાં પડી છે ?

એક વખત કહ્યું કે હું અનંત-પરમાનંદ સુખવાળો છું, તો પછી 'મને દુઃખ થાય છે' એમ ના બોલવું જોઈએ. એવું બોલે તો ચોંટે. સર્વજ્ઞની ભાષામાં સમજી જાય તો એ પદ પ્રાપ્ત થાય.

## ત્યારે બોલવું, 'હું અનંત સુખનું ધામ છું'

**પ્રશ્નકર્તા :** દેહની કંઈ વેદના થાય એ વખતે અસલ રીતે તો આમ નિશ્ચયથી આત્મા નિર્વેદક છે, મન-શરીર વેદક છે. એને વેદના થાય પણ એ વખતે 'હું અનંત સુખનું ધામ છું, હું અનંત સુખનું ધામ છું' જોરથી બોલો એટલે એ બધી વેદના હટી જાય. એનો જરાય ભાર ન લાગે.

**દાદાશ્રી :** પાંચ-પચ્ચીસ વખત બોલ્યા તો ચોખ્ખું થઈ જાય.

આ દેહ મુશ્કેલીઓનો કંદ છે ને આત્મા અનંત સુખનો કંદ છે. દેહ તો ઘડીવાર પણ જંપવા ના દે. રોજ ખવડાવીએ, પીવડાવીએ, નવડાવીએ, ધોવડાવીએ તોય પાંસરો ના રહે.

કો'ક વખત ચંદુભાઈની તબિયત બરોબર ના હોય, હાથ-પગ ફાટતા હોય તો કહીએ, 'અનંત સુખનું ધામ છું બોલો.' આ તો પોતાની સિલકમાંથી વાપરવાનું છે ને ! પહેલા તો પારકા પાસેથી માગતા હતા.

શરીરને દુઃખ પડતું હોય ને 'હું અનંત સુખનું ધામ છું' બોલે તો સામસામે બેલેન્સ થઈને રાગે પડી જાય. અને જ્યારે મહીં માનસિક ઉપાધિ થતી હોય, તો આપણે 'અનંત સુખધામ' બોલ્યા કે મહીં સુખ વર્ત્યા કરે.

પૂઠિયું કાચું હોય ત્યાં સુધી વેદકતા આવવાની જ અને તે ખૂબ જ પ્રમાણમાં આવે ત્યારે આત્માના ગુણ યાદ કર્યે જ જવા તો વેદકતા નાશ થશે. દરેકને વેદક આવ્યા જ કરે, પણ આ અજ્ઞાનીઓને દેખાય નહીં, જ્યારે જ્ઞાનીઓને દેખાયા જ કરે. તે વખતે તમે હાલી ન જશો. એવી સ્થિતિમાં શુદ્ધાત્માનું સ્મરણ અને તેના ગુણોનું રટણ કરવું.

## ડિપ્રેશન વખતે ચંદુ પાસે બોલાવવાનું

દેહનો, મનનો સ્વભાવ છે, કાં તો એલિવેશન કે કાં તો ડિપ્રેશન. હવે આપણે ચંદુભાઈથી જુદા થયા એટલે વ્યવહાર તો જુદો રાખવો પડે ને? એટલે ચંદુભાઈ જોડે બોલીએ કે ડિપ્રેશન આવ્યું છે ? એટલે આપણે બોલાવીએ કે 'હું અનંત સુખનું ધામ છું' તો ચંદુભાઈ બોલે, 'હું અનંત સુખનું ધામ છું.' તમારે પોતાના ગુણો આમાં આરોપ કરવાના, એટલે રેગ્યુલર થઈ જાય.

તને અકળામણ થતી હોય ત્યારે 'હું અનંત સુખધામ છું. હું અનંત સુખધામ એવો પરમાત્મા છું. હું અનંત સુખનો કંદ છું' એમ બોલ. એટલે સુખ ઉત્પન્ન થશે. પોતે સંપૂર્ણ સુખસ્વરૂપ પરમાનંદી છે તે અણગમાને 'હું અનંત સુખવાળો છું' કહીને ફેરવી નાખે.

## મોહનીય સામે અનંત સુખધામ

એટલે આપણી શક્તિ આમાં નાખવી. આપણામાં શક્તિ તો બધી પાર વગરની છે ! તે

આમાં નાખી આપવી. પાડોશી ખરા ને, ફાઈલ નંબર વન ! મોહ ચઢતો હોય તો બોલવું કે 'મોહનીય અનેક પ્રકારની હોવાથી તેની સામે હું અનંત સુખનું ધામ છું.' એટલે મોહ ઊડી જાય. મોહનું પ્રમાણ અનંત હોવાથી તેની સામે હું અનંત સુખવાળો છું. મારા સુખ આગળ મોહનીયનો હિસાબ જ નથી.

એ વિનાશી સુખો છે ને આ તો અવિનાશી સુખ ! અનંત પ્રકારના મોહ અને તેમાં 'હું અનંત સુખધામ છું' એવું કહે છે. એટલે મારે બીજા મોહની જરૂર છે નહીં. આ તો ફસાયો છે, એમાંથી નીકળી જવાનું છે હવે.

## સ્વભજનાથી સાચો રસ ઉત્પન્ન થાય

**પ્રશ્નકર્તા :** જેવા આ પુદ્ગલના રસો છે તેમ આત્માના રસો, આનંદ પ્રગટ થવા જોઈએ ને ?

**દાદાશ્રી :** એવું છે કે તમે અપરિગ્રહી શાના આધારે છો ? 'અક્રમ વિજ્ઞાન'ના આધારે ! પણ વ્યવહારથી અપરિગ્રહી નથી, એટલે 'અપરિગ્રહી દશા' જ્યાં સુધી ના થાય, ત્યાં સુધી છેલ્લી 'વસ્તુ' હાથમાં ના આવે !

**પ્રશ્નકર્તા :** ત્યાં સુધી સાચો રસ, આનંદ મેળવવા અમારે શું કરવું?

**દાદાશ્રી :** 'હું અનંત જ્ઞાનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, હું અનંત સુખનું ધામ છું, હું અનંત શક્તિવાળો છું....' બોલો, એટલે સાચો રસ ઉત્પન્ન થઈ જાય ! આત્મા તો પોતે આનંદમય જ છે, એટલે એ વસ્તુ સર્વરસમય જ છે ને તે પોતાને હોય છે જ. પણ પોતાની જાગૃતિની કચાશને લીધે એ ક્યાંથી આવે છે, એ ખબર પડતી નથી.

## સ્વસંવેદન શક્તિ પ્રકાશે આખું બ્રહ્માંડ

**પ્રશ્નકર્તા :** આરતીમાં 'સ્વસંવેદન શક્તિ, બ્રહ્માંડ પ્રકાશે સ્વયં' એવું કહ્યું છે, તો સ્વસંવેદન એટલે શું ?

**દાદાશ્રી :** સ્વની અનુભૂતિ, સ્વસંવેદન એટલે પોતે પોતાનું વેદન સુખ ભોગવે. પોતે પોતાના વેદનથી સુખમાં રહે છે ને આ સુખ બીજો આપતો નથી. પોતે અનંત સુખનું ધામ છે. એટલે પોતે પોતાનું જ વેદન, સ્વસંવેદન, એટલે એ સ્વસંવેદન શક્તિ છે. એનાથી જ્ઞાતા-દ્રષ્ટા રહેવાય. એટલે આખું બ્રહ્માંડ પ્રકાશમાન દેખાય, તો પૂર્ણાહુતિ થાય.

આખા બ્રહ્માંડને પ્રકાશવાની શક્તિ આત્મામાં છે. પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે સ્વસંવેદન શક્તિ છે, તેને કેવળજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્નકર્તા :** પેલું 'સ્વસંવેદન શક્તિ, બ્રહ્માંડ પ્રકાશે સ્વયં' એટલે શું એ જરા સમજાવો. એ પેલું કેવળજ્ઞાનને માટે આપે કહ્યું.

**દાદાશ્રી :** આ કેરીઓ ખાય એ આહારી અને તેમાં મસ્ત થઈએ એટલે પરસંવેદન કહેવાય. પારકી ચીજમાંથી એને વેદનનું સુખ આવી રહ્યું છે. જ્યારે સ્વમાં આત્મરમણતાથી સ્વસંવેદન થાય. એટલે આખું બ્રહ્માંડ પ્રકાશી ઊઠે.

**પ્રશ્નકર્તા :** એટલે આત્મરમણતા ?

**દાદાશ્રી :** આત્મામાંથી જ વેદન થાય તે સ્વરમણતા. તે સ્વસંવેદનમાં પરિણામ પામે અને પછી આખું બ્રહ્માંડ પ્રકાશમાન થાય.

**પ્રશ્નકર્તા :** આત્માને સ્વસંવેદન હોય ?

**દાદાશ્રી :** ખરેખર એ બધું પુદ્ગલ છે, આત્માને વેદન નથી. એ કોને છે ? પુદ્ગલને.

આત્મસ્વરૂપ જો છે, તો સ્વસંવેદન બોલવાની જરૂર જ શી ? તમે જો ભાનમાં જ છો તો પછી તમારે 'હું ભાનમાં છું' એવું બોલવાની જરૂર નથી. જે ના હોય ને જરાક જરાક ભાનમાં આવતો હોય તે બોલે કે 'હું ભાનમાં છું.'

કેવળજ્ઞાન પછી મહાવીર ભગવાનને 'હું શુદ્ધાત્મા છું' એમ બોલવું ના પડે. 'મને સ્વસંવેદન છે' એવુંય બોલવું ના પડે. 'અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું, હું મોક્ષસ્વરૂપ છું' એવુંય બોલવું ના પડે. દેહ છે તેથી તેના આધારે સ્વસંવેદન કહીએ છીએ.

## સંસારમાં રહીને અનુભવે બારમું ગુંઠાણું

અસ્પષ્ટ વેદન, એટલે 'હું કર્તા નથી' એવું ભાન થાય એને અને 'હું અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું ને અનંત શક્તિવાળો છું' એવું પોતાનું ભાન થાય. 'હું ચંદુલાલ છું' એ ભાન તૂટી જાય અને પછી 'હું શુદ્ધાત્મા છું' એવું પોતાને ભાન થાય પણ અસ્પષ્ટ કહેવાય. અસ્પષ્ટ એટલે તદ્દન છૂટો નહીં, તન્મયાકાર ! હવે આટલું જ થવું બહુ છે. આનો એક આની ભાગ કોઈ અવતારમાં થયો નથી ને ! આ જે તમને મળ્યું છે એનો એક આનીય કોઈને મળે તો એને સમકિત કહેવાય. આ તો અજાયબ પદ મળ્યું છે ! પણ આ પદને ભોગવતા આવડવું જોઈએ ને તમને ! આ તો પેલું સહેલું મળી જાય ને, એટલે વાત સમજાય નહીં.

ઓહોહોહો ! ગુણધર્મનો પાર નથી. અનંત ભેદે આત્મા છે, એક-બે ભેદે આત્મા નથી. એ જેટલા ભેદ અહીં જ્ઞાની પુરુષ પાસે જાણ્યા એટલા ભેદથી તમારો ઉકેલ આવ્યો. બીજા અનંત ભેદ હજુ બાકી છે. એ જાણવાથી સરળતા થશે. જેટલું જાણશો એટલી સરળતા. તમે તો એટલું જ જાણો કે ચાર પેલા ગુણ છે. અનંત જ્ઞાનવાળો છે ને એ ચાર, પણ આ બાજુ અનંત ગુણો, એનો હિસાબ જ નથી. આખા બ્રહ્માંડનો પ્રકાશક છે અને તે આત્મા અમે જોયેલો છે. માટે વાતને સમજવા જેવી છે, ઈન શૉર્ટ. નહીં તો તો આવી સંસારમાં રહીને મોક્ષમાર્ગમાં બારમા ગુંઠાણાની વાત કરવાની જ હોય નહીં. ચોથે લઈ જાય તો બહુ થઈ ગયું.

મૂળ આત્મા એ અનુભવગમ્ય છે, અરૂપી પદ છે. કેવળી ભગવાન જે અનુભવે તે આ પુદ્ગલ પોતાનાથી જુદું પૂતળું છે. ખરું કર્યું કે ખોટું, તે જોવાનું નથી. એ તો પૂતળું જ છે, અચેતન છે. કર્તાભાવ જ ના દેખાવો જોઈએ. પુદ્ગલની જોડે કે પુદ્ગલના મન-વચન-કાયાના વર્તન જોડે લેવાદેવા જ નથી. તમે તેનાથી તદ્દન જુદા જ છો. તમને તમારો આત્મા જોવામાં ને જાણવામાં આવ્યો જ છે. જોવું એટલે ભાન થવું અને જાણવું એટલે અનુભવ થવો. તે ભાન થયું છે ને થોડો અનુભવમાં પણ આવ્યો છે. હવે મૂળ વસ્તુ પૂરેપૂરી અનુભવમાં આવી જાય, એટલે કામ થઈ ગયું !

એ તો વસ્તુ જ જુદી ! આત્મા જાણ્યો જણાય એવી વસ્તુ નથી, એ બુદ્ધિથી સમજાય એવો નથી, એ અનુભવગમ્ય વસ્તુ છે.

## ચંદુ પાડોશી, ત્યાં સનાતન અનુભૂતિ

'આઈ'(હું)માં ઈન્ટરેસ્ટ આવે તો નર્યું સુખ જ છે. સુખનું ધામ છે, પરમ સુખનું ધામ ! અનંત સુખનું ધામ, જે સુખ આવ્યા પછી ક્યારેય પણ દુઃખ હોય જ નહીં. ફાંસીએ ચઢાવે તોય નહીં. ફાંસીએ ચઢાવે તો ફાંસીએ ચઢનારો ચઢે છે, જાણનારો જાણે છે. પુદ્ગલ ફાંસીએ ચઢે, આત્મા કોઈ દહાડો ફાંસીએ ચઢે નહીં. આ અંબાલાલને તમે ગાળો ભાંડો, માર મારો તો મને અસર થતી નથી. કારણ બે તદ્દન જુદા રહે છે. ફાંસીએ ચઢાવો તોય મને વાંધો નથી. મારી ઈચ્છા ના હોય પણ

છતાં તમે બધા ચઢાવો તો પછી એનો વાંધો નથી. કારણ મારે પાડોશી તરીકે એટલું તો રાખવું પડે કે મારી ઈચ્છા ના હોવી જોઈએ. એમણે મારા ધક્કા ખાધા છે, મારું કામ કર્યું છે. એટલો ઉપકાર તો મારે માનવો પડે ને! પાડોશી તરીકે રહે છે આ. તમે ચંદુભાઈની જોડે પાડોશી તરીકે રહેશો ત્યારે ત્યાં આગળ સનાતન અનુભૂતિ થાય.

**પ્રશ્નકર્તા :** આ સનાતન અનુભૂતિ એટલે આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુ છે, એની અનુભૂતિ કેવી રીતે થાય ? પ્રત્યક્ષ કેવી રીતે દેખાય ?

**દાદાશ્રી :** તમે આત્મા છો એ સનાતન અનુભૂતિ થાય. અને એ આત્માની અનુભૂતિ કેવી રીતે હોય ? આત્મા નિરાકારી છે, અમૂર્ત છે. કોઈ વસ્તુથી દેખાય નહીં એવો છે. અને પ્રત્યક્ષ દેખવાનો પ્રયત્ન કરવો એ ગુનો છે. તો કહે, કેમ ઓળખાય ? ત્યારે કહે, એ અનુભવથી. એના પરમાનંદ નામના ગુણથી પ્રગટ થાય.

## બધી શક્તિઓ માત્ર પરમાત્મામાં જ લગાડો

સ્વ-સ્વરૂપમાં આવવું, એનાથી પરમાત્મપણું પ્રગટ થયા કરે છે, પરમાત્માની શક્તિ વ્યક્ત થાય. અત્યારે તો ચંદુલાલની શક્તિઓ વ્યક્ત થઈ છે. મનુષ્યમાં આવ્યા છો એટલે ચંદુલાલની શક્તિઓ વ્યક્ત થઈ છે પણ મનુષ્યપણાની વધારે શક્તિઓ વ્યક્ત થઈ નથી. એટલે સામાન્ય મનુષ્યમાં જ ખપ્યા કરે.

પુદ્ગલની, આત્માની બધી જ શક્તિઓ એકમાત્ર પ્રગટ પરમાત્મામાં જ લગાડવા જેવી છે. મનુષ્યમાં પૂર્ણ પરમાત્મ શક્તિ છે, જે વાપરતા આવડવી જોઈએ. પુદ્ગલ પ્રત્યેની જેટલી સસ્પૃહતા હતી અને આત્મા પ્રત્યે નિઃસ્પૃહતા હતી, તે હવે પુદ્ગલ પ્રત્યે નિઃસ્પૃહતા જેટલા પ્રમાણમાં આવશે, તેટલા પ્રમાણમાં આત્મા ઉપર સસ્પૃહતા આવશે.

## જ્ઞાની પમાડે સ્વભાવકૃત શક્તિઓ

મહીં અનંત શક્તિ છે, અનંત સિદ્ધિ છે પણ અવ્યક્તરૂપે રહેલી છે. મહીં રૂપાળી, રળિયામણી શક્તિઓ છે, ગજબની શક્તિઓ છે ! તે મૂકીને બહારથી કદરૂપી શક્તિઓ વેચાતી લાવ્યા. સ્વભાવકૃત શક્તિઓ કેવી સુંદર છે ! અને આ વિકૃત શક્તિઓ બહારથી વેચાતી લાવ્યા ! મહીં દૃષ્ટિ જ પડી નથી. આત્મા પ્રાપ્ત થાય એટલે એ શક્તિઓ વ્યક્ત થવા માંડે. મોક્ષે જવાની અનંત શક્તિ છે. એ શક્તિ અવ્યક્ત ભાવે પડેલી છે, એને વ્યક્ત કરો.

'જ્ઞાની પુરુષ' બધી જ શક્તિઓ આપવા તૈયાર છે. શક્તિ તમારી મહીં જ પડી છે, પણ તમને તાળું ઉઘાડીને લેવાનો હક્ક નથી. જ્ઞાની પુરુષ ઉઘાડી આપે ત્યારે એ નીકળે.

મહીં કેટલી બધી એવી ભવ્ય છે શક્તિઓ ! મહીં ભણી દૃષ્ટિ જ પડી નથી ને ! આ તો અહીં આગળ આત્માની વાત સાંભળે છે ત્યારે દૃષ્ટિ પડે છે. દૃષ્ટિ પડે ત્યારે આત્મા પ્રાપ્ત થાય છે. આત્મા પ્રાપ્ત થાય છે ત્યારે થોડીઘણી શક્તિઓ નીકળે છે. તે આપણે જોઈએ છીએ કે ઓહોહો ! આટલી બધી શક્તિઓ મહીં હતી તો આટલી થોડી નીકળી તોય આટલું બધું સુખ લાગે, તો પૂરી નીકળે, આનો વિકાસ પૂરો થાય તો ક્યાં પહોંચાડે ! અને જ્ઞાની પુરુષને આપણે જોઈએ તોય આપણને એમ લાગે કે આપણા કરતા કેટલી બધી શક્તિ એમનામાં પ્રગટ થઈ છે ! એ શક્તિઓ આપણને કેટલો બધો આનંદ આપે છે, તે એટલી જ શક્તિઓ બધાનામાં છે. શક્તિની કંઈ કમી-બમી છે નહીં. હવે એ આપણે કાઢવાની છે, તમને છૂટ આપી છે. જે પદમાં હું બેઠો છું એ પદમાં જ તમને બેસાડ્યા છે.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં પૂજ્ય નીરુમાના ૭૫મા જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી થઈ હતી. સવારે ATPLથી પ્રભાતફેરી શરૂ થઈ હતી, જે સમાધિ સ્થળ સુધી દાદાઈ પદગુંજન સાથે પહોંચી હતી. સમાધિ સ્થળ પર મહાત્માઓ દ્વારા સામૂહિકમાં પ્રાર્થના-વિધિઓ થઈ હતી. પૂજ્યશ્રીએ સમાધિ પર સવારે પૂજ્ય નીરુમા વિશે વાત કરી હતી. ત્યાર પછી સ્વામી અને દાદાની આરતી થઈ હતી. સાંજે દાદાનગર હોલમાં પૂજ્યશ્રીના સત્સંગમાં મહાત્માઓએ પૂજ્ય નીરુમા વિશે પ્રશ્નો પૂછ્યા હતા તેમજ પૂજ્યશ્રીએ પૂજ્ય નીરુમાના જીવનચરિત્રની વાતો કરી હતી. રાત્રે સમાધિ ખાતે જ વિશેષ ભક્તિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં આપ્તપુત્રો-આપ્તપુત્રીઓએ દાદાઈ પદો ગાયા હતા.

**૮ થી ૧૦ ડિસેમ્બર :** ચેન્નઈમાં ૭ વર્ષના ગાળા બાદ પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રીનું વાજિંત્રો વગાડતા વગાડતા પરંપરાગત રીતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું. એક દિવસના સત્સંગ બાદ જ્ઞાનવિધિમાં ૪૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રીએ મરીના બીચ પર મહાત્માઓ સાથે મોર્નિંગ વોક કર્યું હતું તેમજ ચેન્નઈ સેન્ટરના કોર્ડીનેટરો તેમજ મહાત્માઓને સેવાર્થી સત્સંગ અને દર્શનનો લાભ આપ્યો હતો. ૧૦ ડિસમ્બરે આપ્તપુત્ર સત્સંગમાં નવા મહાત્માઓ આજ્ઞા અને જ્ઞાન સંબંધી વધુ સમજ માટે આવ્યા હતા.

**૨૩ થી ૩૦ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે પારાયણમાં આપ્તવાણી-૧૩ (ઉ.) તેમજ આપ્તવાણી-૧૪ ભાગ-૧નું વાંચન અને તેની પર પૂજ્યશ્રીનો વિશેષ સત્સંગ થયો હતો 'હું-બાવો-મંગળદાસ પ્રકરણ પર તથા આપ્તવાણી-૧૪ ભાગ-૧ના પ્રથમ પ્રકરણ 'વિભાવ' પર ગહન સત્સંગ થયો હતો અને મહાત્માઓએ પ્રશ્નો પૂછ્યા હતા. નાતાલના દિવસે વિદેશી મહાત્માઓએ ક્રિસમસ ગાન કર્યું હતું તેમજ તે જ રાત્રે મહાત્માઓ માટે ગરબાનું આયોજન થયું હતું.

**૨ જાન્યુઆરી :** પરમ પૂજ્ય દાદાશ્રીની ૩૧મી પુણ્યતિથી નિમિત્તે અડાલજ ત્રિમંદિરમાં સવારે ૮ થી ૯ દરમિયાન સામૂહિક વિધિઓ થઈ હતી. પૂજ્યશ્રીએ પધારી દર્શન બાદ વિધિ કરાવી હતી. સાંજે ૪-૩૦ વાગ્યે એક કલાકની કિર્તન ભક્તિ બાદ પૂજ્યશ્રીનો સત્સંગ થયો હતો, જેમાં દાદાશ્રીના જીવન પ્રસંગો પર વાતચીત થઈ હતી. રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ દરમિયાન 'દાદા જ દાદા' નામના વિશેષ કાર્યક્રમમાં દાદા વખતના મહાત્માઓના રેકોર્ડેડ અનુભવો સ્પેશિયલ વિડિયો દ્વારા રજૂ કરાયા હતા તેમજ અમુક મહાત્માઓએ પોતાના અનુભવો પ્રત્યક્ષ પણ કહ્યા હતા.

**૫ થી ૬ જાન્યુઆરી :** અડાલજ ત્રિમંદિરના જાયજેન્ટિક હોલમાં ગોઠવાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૦૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું, જે અચાનક આ કાર્યક્રમ ગોઠવાયા છતાં સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

**૧૦ થી ૧૩ જાન્યુઆરી :** મહારાષ્ટ્રમાં આવેલા શિરડીમાં મહારાષ્ટ્રના (મુંબઈ-થાણે સિવાયના) મહાત્માઓ માટે ઝોનલ શિબિર યોજાઈ. ૧૧૦૦ જેટલા મહાત્માઓએ શિબિરનો લાભ લીધો. 'નિર્દોષ દૃષ્ટિ' 'પાંચ આજ્ઞાની વિશેષ સમજ' તેમજ 'કષાયોથી અવરાયો મોક્ષમાર્ગ' ટોપિક પર પૂજ્યશ્રીના વિશેષ સત્સંગ થયા હતા. પૂજ્યશ્રી તેમજ મહાત્માઓ પ્રસિદ્ધ સાંઈબાબા સમાધિ મંદિરે દર્શનાર્થે ગયા હતા. મંદિરના વ્યવસ્થાપકોએ પૂજ્યશ્રીને સમગ્ર પરિસરની મુલાકાત કરાવી શાલ ઓઢાડી તેમજ સાંઈબાબાની મૂર્તિ આપી અભિવાદન કર્યું હતું. મહાત્માઓને પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક, ભોજન, ગરબા તેમજ પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો. મહારાષ્ટ્રના વિવિધ સેન્ટરના GNC બાળકો-યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. WMHT, MMHT સત્સંગ, યુવાન-બાળકો માટે વિશેષ સત્સંગ, આપ્તપુત્ર સત્સંગ, સામાયિક, પાંચ આજ્ઞા વર્કશોપ વિગેરેનો પણ મહાત્માઓએ પૂરો લાભ લીધો હતો. ચાર દિવસીય શિબિરમાં વિવિધ જ્ઞાનવર્ધક કાર્યક્રમોથી મહાત્માઓએ ખૂબ આનંદ અનુભવ્યો હતો.

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૩-૩૦ થી ૪-૩૦ અને સાંજે ૫ થી ૫-૩૦
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हररोज़ सुबह 7 से 7-30 तथा शनि से गुरु शाम 6-30 से 7, शुक्र शाम 5 से 5-30
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर सोम से शनि रात 8-30 से 9 (हिन्दी में)
- **'उड़ीसा प्लस'** टीवी पर सोम से शुक्र सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-चंदना** पर सोम और शुक्र शाम 7-30 से 8 (कन्नड़ में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE** ● **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

### દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

---

### દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

# સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૧૯

| | ગ્રુપ A ૧૩ થી ૧૬ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો | | | | ગ્રુપ C - બાળકો | | ગ્રુપ D - બાળકો | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્થળ | ભાઈઓ | સંપર્ક | ગ્રુપ B બહેનો | સંપર્ક | ૮ થી ૧૨ વર્ષ | સંપર્ક | ૪ થી ૭ વર્ષ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૪-૨૫ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૦-૨૧ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૨-૨૩ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૧૯ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| અમદાવાદ | ૨૦-૨૧ એપ્રિલ | ૯૯૨૪૩૧૫૪૮૧ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૮૨૫૦૪૭૦૩૮ | ૨૫થી૩૦ એપ્રિલ | ૯૪૨૯૪૪૨૫૯૭ | ૧૭ ફેબ્રુઆરી<br>૨૩-૨૪એપ્રિલ | ૮૧૪૧૩૭૭૮૩૩ |
| આણંદ | | | ૨૩ જૂન | ૯૪૦૯૪૦૨૧૫૮ | | | | |
| બરોડા | ૪-૫ મે | ૯૦૩૩૫૧૪૭૪૯ | ૨૯-૩૦ એપ્રિલ | ૯૬૨૪૮૫૨૬૦૨ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૯૨૪૨૬૬૮૮૨ | ૨૫ એપ્રિલ | ૯૫૫૮૨૦૬૬૪૦/<br>૯૯૦૪૪૦૫૧૫૫ |
| ભરૂચ | | | ૨૭-૨૮ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ | ૨૧ એપ્રિલ | ૮૮૬૬૭૭૮૯૧૦ | | |
| અંકલેશ્વર | | | ૨૨-૨૩ જૂન | ૯૦૫૪૦૩૦૪૭૦ | ૧૯ એપ્રિલ | ૯૦૩૩૫૨૬૦૫૦ | ૧૦ માર્ચ | ૯૪૨૭૮૦૫૭૩૬ |
| સુરત | ૨૦-૨૧ એપ્રિલ | ૯૮૯૮૬૮૯૬૯૭ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૬૦૧૨૯૧૦૨૪ | ૨૦-૨૧ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ | ૧૭ ફેબ્રુઆરી | ૯૮૨૫૨૩૩૫૫૯ |
| **મુંબઈ** | ૩-૫ મે | ૯૩૨૦૮૧૯૧૧૧ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૮૧૯૭૫૮૩૫૫ | **મુલુંડ, વિલેપાર્લે, ઘાટકોપર, મીરારોડ, દાદર, ગ્રાન્ટ રોડ, બોરીવલી, વાશી, ડોમ્બીવલી,** | ૯૭૭૩૧૮૧૬૫૩ | **ઘાટકોપર, બોરીવલી, મુલુંડ** | ૯૯૨૦૨૮૬૮૧૭/<br>૯૮૨૦૫૦૮૬૦૮ |
| ભુજ | ૫ મે | ૯૯૨૫૯૯૧૬૦૦ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૪૨૭૧૭૧૯૭૬ | ૨૧-૨૨ એપ્રિલ | ૯૭૨૭૬૩૦૧૮૦ | | |
| ગાંધીધામ | ૨૧ એપ્રિલ | ૯૭૨૬૨૦૨૫૭૦ | | | ૨૪ એપ્રિલ | ૯૯૭૮૪૯૩૫૬૮ | | |
| ધોરાજી | | | | | ૨૫ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ | | |
| જેતપુર | ૧૨ મે | ૯૮૯૮૦૨૪૦૩૬ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૧૭૩૬૭૪૪૦૪ | | | | |
| રાજકોટ | ૧૧-૧૨ મે | ૯૮૨૫૩૧૭૬૦૭ | ૧૪-૧૫ મે | ૭૯૯૦૯૬૭૬૧૨ | ૨૭-૨૮ એપ્રિલ | ૮૮૪૯૨૬૫૨૨૪ | ૨૯ એપ્રિલ | ૯૪૨૬૪૬૦૯૩૮ |
| મોરબી | | | | | ૨૫ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૮૮૨ | | |
| સુરેન્દ્રનગર | ૫ મે | ૯૯૯૮૧૭૭૮૧૩ | ૨૦,૨૧ એપ્રિલ | ૯૭૨૬૧૦૮૪૩૪ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૫૧૨૬૭૨૪૩૩ | | |
| જામનગર | ૨૧ એપ્રિલ | ૯૪૨૮૩૧૫૧૦૯ | ૨૫-૨૬ મે | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| વેરાવળ | | | ૨૩ જૂન | ૯૬૩૮૯૦૪૮૨૦ | | | | |
| ભાવનગર | ૧૨ મે | ૯૮૭૯૮૨૨૦૭૭ | ૧૯ મે | ૯૯૨૪૩૪૪૪૨૫ | ૧૬-૧૭ મે | ૯૯૨૪૩૪૪૪૨૫ | | |
| મહેસાણા | ૨૧ એપ્રિલ | ૯૯૨૫૬૭૮૮૫૪ | | | ૨૮ એપ્રિલ | ૯૮૨૪૯૨૯૭૮૨ | | |
| | **ગ્રુપ E - યુવાન બહેનો ૧૭ થી ૨૧વર્ષ** | | | | **ગ્રુપ F - યુવાન ભાઈઓ ૧૭ થી ૨૧ વર્ષ** | | | |
| **સીમંધર સીટી** | ૧-૨-૩ જૂન | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | | | ૨૬-૨૭-૨૮ એપ્રિલ | | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | |

**નોંધ** : (૧) સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ'માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી કરવામાં આવશે.

## Pujya Deepakbhai's Germany-UK Satsang Schedule (2019)

UK: + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org, Germany: +49 700 32327474

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 25-Mar-19 | 08:00 PM | 10:00 PM | SATSANG | Wolf-Ferrari-Haus Rathausplatz 2, 85521 Ottobrunn, Munich, **Germany** |
| 26-Mar-19 | 07:00 PM | 10:00 PM | GNAN VIDHI | |
| 29 Mar - 1 Apr | All day | | Akram Vignan Event | **Willingen, Germany** |
| 03-Apr-19 | 07:00 PM | 09:30 PM | Aptaputra Satasang | Indian Association Oldham Schoefield Street, Hathershaw, Oldham, OL8 1QJ |
| 04-Apr-19 | 06:00 PM | 10:00 PM | GNAN VIDHI | |
| 05-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | **Maher Centre,** 15 Ravensbridge Drive, Leicester, LE4 0BZ |
| 06-Apr-19 | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 06-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | |
| 07-Apr-19 | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 07-Apr-19 | 02:30 PM | 07:00 PM | GNAN VIDHI | |
| 10-Apr-19 | 07:30 PM | 10:00 PM | Aptaputra Satasang | **Hariben Bachubhai Nagrecha Hall,** 198-202 Leyton Road, London, E15 1DT |
| 11-Apr-19 | 06:00 PM | 10:00 PM | GNAN VIDHI | |
| 12-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | Harrow Leisure Centre, Christchurch Avenue, Middlesex **Harrow,** HA3 5BD |
| 13-Apr-19 | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 13-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | |
| 14-Apr-19 | 08:30 AM | 12:30 PM | Small Swami Pratishta | |
| 14-Apr-19 | 02:30 PM | 07:00 PM | GNAN VIDHI | |
| 15-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | |
| 18-22 Apr | All day | | UK SHIBIR | **Pre-registration required** |

## પૂજ્યશ્રી સાથે સેન્ટર પ્રમાણે મહાત્માઓ માટે સ્પેશ્યલ શિબિર

| | | | |
|---|---|---|---|
| **લોનાવાલા** | **૧૧-૧૩ ફેબ્રુઆરી** | **મુંબઈ, નવી મુંબઈ અને થાણે** | (૯૩૨૩૫૨૮૯૦૧) |
| **જૂનાગઢ** | **૧૮-૨૦ ફેબ્રુઆરી** | **રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, પોરબંદર, જામનગર, દ્વારકા, મોરબી, કચ્છ જિલ્લાઓ** | (૯૮૭૯૧૩૭૯૭૧) |

**નોંધ :** ૧) આ શિબિરમાં ભાગ લેવા પોતાના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ૨) સમય અને સ્થળની જાહેરાત બાકી ૩) વધુ જાણકારી માટે ઉપર કૌંસમાં આપેલ નંબર પર જે તે સેન્ટરના મહાત્માઓએ સંપર્ક કરવો.

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

**૯ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૬ થી ૯ - **સત્સંગ**

**૧૦ ફેબ્રુઆરી** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** નિર્મલ લાઈફ સ્ટાઈલ મોલ, LBS માર્ગ, મુલુંડ (વેસ્ટ). **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

### રાજકોટ

**૧૬ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ**

**૧૭ ફેબ્રુઆરી** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** વિનુભાઈ પરસાણાની વાડી, આહીર ચૌક પાસે, બોલબાલા ૮૦ ફૂટ રોડ. **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

### જામનગર

**૨૨ ફેબ્રુઆરી** (શુક્ર) - સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ**

**૨૩ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ : ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ, **જામનગર. સંપર્ક :** ૯૯૨૪૩૪૩૬૮૭

*સૌરાષ્ટ્રની પાવન ભૂમિ પર પાંચમું ત્રિમંદિર...*

## જામનગર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

### તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૯-૩૦ થી ૧

**પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪-૩૦ થી ૭-૩૦

**સ્થળ : ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ, **જામનગર. સંપર્ક :** ૯૯૨૪૩૪૩૬૮૭

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

### અડાલજ ત્રિમંદિર

**૧૯ માર્ચ** (મંગળ) **પૂજ્ય નીરુમાની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૨૦ માર્ચ** (બુધ) - સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૨૧ માર્ચ** (ગુરુ) - સવારે ૧૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ**

**૨૧ માર્ચ** (ગુરુ) - સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨
**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

ફેબ્રુઆરી ૨૦૧૯
વર્ષ-૨૪, અંક-૬
સળંગ અંક-૨૮૨



Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## આત્મગુણોની ભજનાએ થવાય તે રૂપ

આંખો બળતી હોય તેય જોયા કરવું, પગ દુઃખતા હોય તેય જોયા કરવું, બધું જોયા કરવું. ઊંઘ ના આવતી હોય તો બીજા ઉપાય ખરા. તે આપણા આત્માના જે સ્વાભાવિક ગુણધર્મો છે ને, તે એક ગુણ બોલો કે રાગે પડી જાય. દા.ત. 'હું અગુરુ-લઘુ સ્વભાવવાળો છું.' પણ અજ્ઞાન દશામાં તો ભોગવ્યે જ છૂટકો. આ જ્ઞાનદશામાં ઉપાય હોય. પોતાનો અગુરુ-લઘુ સ્વભાવ છે, એવું પોણો કલાક ધ્યાન કરો ને, તો અજાયબી ઉત્પન્ન થાય ! આત્માના જેટલા ગુણો છે તેનો વિચાર કરો, મનન કર્યા કરો, તો તે ગુણો તમારામાં ઉત્પન્ન થશે. આત્મગુણો કેળવાય, વ્યક્ત થઈ પ્રગટ થાય.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.